ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

अस्माकं वीरा उत्तरे भवन्तु

વર્ષ : ૧૫ અંક : ૦૨ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૦૯-૦૧-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### આર્યસમાજ, અમદાવાદ તથા વૈદિક સંસ્થાન્, ઓઢવ દ્વારા ટાઉનહોલ, અમદાવાદ ખાતે 'ગૃહસ્થ જીવન કો સુખી કૈસે બનાયે ?' વિષય પર એક દિવસીય શિબિર સંપન્ન

## ઓછામાં ઓછા એક વેદનો અભ્યાસ કર્યા બાદ જ ગૃહસ્થમાં પ્રવેશ કરવો જોઈએ : સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક

**અમદાવાદ**

ગત તા. ૫ મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ અમદાવાદના પ્રસિદ્ધ શેઠ મંગળદાસ ટાઉનહોલ ખાતે આર્યસમાજ અમદાવાદ દ્વારા વૈદિક સંસ્થાન્ ઓઢવના સહયોગથી દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના નિદેશક તથા સુપ્રસિદ્ધ દર્શનાચાર્ય સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં 'ગૃહસ્થ જીવનકો સુખી કૈસે બનાયે ?' એ વિષય ઉપર પ્રવચન યોજાઈ ગયું. અત્રે એ ઉલ્લેખનિય છે કે આ અગાઉ પણ સ્વામી વિવેકાનંદજીના બે વ્યાખ્યાન કર્મ ફળ સિદ્ધાંત ઉપર યોજાઈ સફળતાપૂર્વક યોજાઈ ગયા છે.



અમદાવાદના શેઠ મંગળદાસ ટાઉન હોલ એલીસબ્રીજ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૧૦૦ થી વધુ લોકોએ ભારે ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં આઈપીએસ અધિકારી શ્રી આર. એસ.યાદવ તથા કસ્ટમ અને એક્સાઈ વિભાગના શ્રી એચ.બી. શ્રીમાળી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં દર્શન યોગ મહાવિદ્યાલયના આચાર્ય સ્વામી સુમેરૂપ્રસાદજી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય સુમેરૂપ્રસાદજીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ગૃહસ્થ જીવનમાં સુખી થવા માટેના વિવિધ ઉપાયો બતાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ગૃહસ્થ જીવનમાં સુખી ત્યારે જ થઈ શકાય જ્યારે ગૃહસ્થમાં એક બીજા પ્રત્યે સ્વાર્થ ન હોય. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક સાધનોથી પૂર્ણ સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી પૂર્ણ સુખ પ્રાપ્ત કરવા માટે આપણે ઈશ્વર સાથે સંબંધ બાંધવો જોઈએ.

દર્શનયોગ મહાવિદ્યાલના નિદેશક તથા શિબિરાધ્યક્ષ સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીએ ગૃહસ્થ જીવનને સુખી બનાવવા માટે ઓછામાં ઓછા એક વેદનો અભ્યાસ કર્યા બાદ જ ગૃહસ્થમાં પ્રવેશ કરવાની સલાહ આપતાં વધુમાં જણાવ્યું હતું કે, આપણે માત્ર ભૌતિક સુખની આશા ન રાખવી જોઈએ. આપણે ઈશ્વરને પણ સાથે રાખવા જોઈએ. લગ્ન કરતાં પહેલાં વર અને કન્યાના ગુણ-કર્મ-સ્વભાવને મેળવીને પછી જ આગળ વધવું જોઈએ. વિપરિત ગુણ-કર્મ-સ્વભાવ વાળી વ્યક્તિઓના લગ્ન ન થવા જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લગ્નનો અર્થ માત્ર મોજમસ્તી નથી. આ તો સંસારમાં સુખ-દુઃખની લેબોરેટરી છે. ગૃહસ્થ જીવન એ તો એક તપસ્યા છે.

સ્વામીજીએ ગૃહસ્થ જીવન શરૂ કરતાં પહેલાં ધ્યાનમાં રાખવા જેવી અનેક બાબતો ઉપર પ્રકાશ ફેક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, લગ્ન કરનાર બંનેનો ધર્મ એક જ હોવો જોઈએ. ઈશ્વરના સંબંધમાં એક જ વિચાર હોવો જોઈએ. આર્થિક સ્થિતિ બાબતે તેમણે જણાવ્યું હતું કે બંનેની આર્થિક સ્થિતિ સમાન હોવી જોઈએ. આ ઉપરાંત બંનેનું મેડિકલ ચેક-અપ પણ થવું જોઈએ. આ ઉપરાંત લગ્ન કરનાર મુરતીયાના આવકની પણ ચકાસણી કરવી જોઈએ.

તેમણે ગૃહસ્થ જીવનને સુખી બનાવવાના ઉપાયો બતાવતા કહ્યું હતું કે, ધન કમાવવું એ પુરુષનું કામ છે. સ્ત્રીઓનું મુખ્ય કામ સંતાનનું નિર્માણ કરવાનું છે. આ ગૃહસ્થ જીવનનું અગત્યનું પરિબળ છે. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે બંનેની રૂચી એક હોવી જોઈએ અને બંને ધાર્મિક હોવા જોઈએ. કોઈ પ્રસંગ -સત્સંગમાં બંનેએ સાથે જ જવું જોઈએ. તેમણે વિવાહ કરતા પહેલાની વૈદિક પરંપરા વિષે પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આજે જન્મ પત્રિકાઓ મેળવીને લગ્ન કરવામાં આવે છે. આ પ્રથાને તેમણે એક પાખંડ હોવાનું જણાવી ખરેખર વૈદિક પદ્ધતિમા શું મેળવવું અને કેવી રીતે મેળવવું જોઈએ તે સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે બાળક કે બાળકી જ્યારે ૫ વર્ષ સુધીની થાય ત્યાં સુધી તેઓ ઈતિહાસ માતાએ લખવો જોઈએ. એમાં બાળકની વિવિધ ટેવો, એને ગમતી વસ્તુઓ, તેને ન ગમતી વસ્તુઓ તથા તેને ગુસ્સો આવવાના કારણો વગેરે તેણે લખતા રહેવું જોઈએ. ત્યાર બાદ બાળકને ગુરુકુલમાં અભ્યાસ કરવા મોકલવામાં આવે ત્યારે ગુરુકુલ દ્વારા આ બાળકનો ઈતિહાસ લખવામાં આવે અને જ્યારે આ




બાળક કે બાળકીના લગ્ન કરવાની વાત આવે ત્યારે આ ઈનિહાસની પત્રિકાઓ મેળવીને તેમના લગ્ન કરવા જોઈએ જેથી તેમની ટેવો, ખોરાક, આનંદ-દુઃખી વગેરેની નોધ હોવાથી તેમનું ગૃહસ્થ જીવન સુખ-રૂપથી પસાર થઈ શકે છે. આ વૈદિક પરંપરાઓનું પાલન થતું ન હોવાથી ગૃહસ્થ જીવનમાં સુખની કમી હોવાનું પણ સ્વામીજીએ કહ્યું હતું.



આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વૈદિક સંસ્થાન ઓઢવના તમામ સદસ્યો અને પદાધિકારીઓએ ખૂબ જ મહેનત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી લાલચંદજી આર્યએ કર્યું હતું.

## આર્યસમાજ, ભરૂચ દ્વારા ત્રણ નવા પુસ્તકોના પ્રકાશનની યોજના

વિવિધ આર્યસમાજો, આર્ય મહાનુભાવો તથા ધર્મપ્રેમી સજ્જનોના સહયોગથી આર્યસમાજ, ભરૂચ દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં ૫૩ પુસ્તકો તથા તેની ૫,૩૦,૦૦૦ પ્રતો પ્રકાશિત થઈ ચૂકી છે. અને હાલમાં પાંચ નવા પુસ્તકો પ્રેસમાં છપાઈ રહ્યા છે. હવે આર્યસમાજ દ્વારા વધુ ૩ પુસ્તકોના પ્રકાશનની યોજના છે.

(૧) અંધશ્રદ્ધાનું વ્યાપારીકરણ : લેખક - શ્રી નાથુભાઈ ડોડિયા. વિજ્ઞાનનો યુગ હોવા છતાંય સમાજમાં વિવિધ પ્રકારની અંધશ્રદ્ધાઓ તથા વહેમોની આજે પણ બોલબાલા છે. શિક્ષિત લોકો અંધશ્રદ્ધાથી સ્વયંને મુકત કરી શક્યા નથી, ત્યારે અભણ અને ગ્રામ્ય પ્રજાની તો વાજ જ શી કરવી ? આની પાછળનું મુખ્ય કારણ એ છે કે કેટલાક ચાલાક અને ધૂર્ત લોકોએ તથા તથાકથિત ધર્મગુરુઓ અને જ્યોતિષીઓએ અંધશ્રદ્ધા-સંવર્ધનને પોતાનો વ્યવસાય બનાવી દીધો છે.આ પુસ્તકમાં કુલ ૯૬ પાના છે. તેનું મુલ્ય ૧૨ રૂ. છે. ૧૦૦ થી વધુ નકલોના અગ્રિમ ગ્રાહકોના નામ તથા ૨૫૦ થી વધુ નકલોના અગ્રિમ ગ્રાહકોના ફોટા આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

(૨) મૌલિક ભેદ : મુળ હિંદી લેખક આર્યજગતના લબ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન પ્રો. રાજેન્દ્રજી 'જીજ્ઞાસુ' (અબોહર, પંજાબ), અનુવાદ તથા સંપાદક : શ્રી ભાવેશ મેરજા, આ વિચાર પ્રધાન પુસ્તકની હિંદીમાં છ આવૃત્તિઓ પ્રકાશિત થઈ ચુકી છે. તે અંગ્રેજી અને મલયાલમમાં પણ અનુવાદિત થઈ ચૂકી છે. તેમાં વૈદિક ધર્મનો અન્ય અવૈદિક મત-પંથ-મજહબોની સાથે કઈ કઈ મહત્વપૂર્ણ બાબતોને લઈને મૌલિક-મૂળભૂત-પાયાનો ભેદ છે, તેનું રોચક,સપ્રમાણ તથા સટીક વર્ણન કરવામાં આવ્યું છે. આમાં કુલ ૧૧ પ્રકરણ છે. કુલ પાના - ૮૦ તથા મુલ્ય ૧૦ રૂ. છે. પ્રથમ ગુજરાતી આવૃત્તિ ૧૦૦ થી વધુ નકલોના અગ્રિમ સહયોગીના નામ આ પુસ્તકમાં પ્રકાશિત કરાશે.

(૩) શીવ-સંકલ્પ (વૈદિક મનોવિજ્ઞાન) મુળ લેખક : મહર્ષિ દયાનંદ તથા સ્વામી વિદ્યાનંદ સરસ્વતી. અનુવાદ તથા સંપાદક : શ્રી ભાવેશ મેરજા. યજુર્વેદના ૩૪મા અધ્યાયના પ્રથમ છ મંત્રો 'શિવસંકલ્પ સૂક્ત' તરીકે પ્રસિદ્ધ છે. આ છ એ મંત્રોના અંતિમ ચરણમાં 'તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ' પ્રાર્થના આવે છે. આ મંત્રોમાં મનનું વાસ્તવિક સ્વરૂપ અથવા મનનું વિજ્ઞાન-મનોવિજ્ઞાન વર્ણિત છે. આ પુસ્તકના કુલ પાના ૬૦ છે. તથા મુલ્ય ૮ રૂ. છે. ૧૦૦ થી વધુ નકલોના અગ્રિમ સહયોગીઓના નામ આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

## ચરોતર પ્રદેશ, આર્યસમાજ દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજાયા

### યોગ શિબિરની પૂર્ણાહૂતી

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદના સોલંકી હોલમાં છેલ્લા પંદર દિવસથી ચાલતી નિઃશુલ્ક યોગ-શિબિરની પૂર્ણાહુતિ તાજેતરમાં થઈ હતી. આ પ્રસંગે યોગાચાર્ય સુરેશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, યોગની માતૃભૂમિ ભારત જ છે. સમગ્ર વિશ્વના ધર્મગ્રંથો તપાસો આ અષ્ટાંગ યોગ ભારતીય દર્શન શાસ્ત્રમાં જ જોવા મળશે. યોગ એ માત્ર કસરત નથી કે પૈસા કમાવવાનું સાધન નથી. શરુઆતનો અભ્યાસ શારિરીક રીતે આરોગ્યને સુધારે છે. વધુ અભ્યાસ માનસિક રીતે શાંતી આપે છે. અને અંતમાં ધ્યાન સમાધિ દ્વારા પૂર્ણત્વ પ્રાપ્ત કરાવે છે.

આ યોગ શિબિરમાં યોગાચાર્ય સુરેશભાઈએ શાસ્ત્રોના પ્રમાણો સહિત ચાલીસ જાતના પ્રાણાયામો- પચાસ જાતના યોગાસનો- સૂક્ષ્મ પ્રાણ શક્તિની ક્રિયાઓ તથા સહજધ્યાન-પ્રાણનું ધ્યાન-તથા સાકાર અને નિરાકારનું ધ્યાન કરવાની ઘનિષ્ઠ તાલીમ આપી હતી.

યોગાસનો અને પ્રાણાયામો દ્વારા કેવી રીતે રોગ-મુક્ત થઈ શકાય તેની શરીર વિજ્ઞાન દ્વારા ઉંડી સમજ આપવામાં આવી હતી. આટલી સખત ઠંડીમાં પણ એકસોથી વધુ સાધકોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અંતમાં સૌ સાધકોએ પોતાને થયેલી અનુભૂતિનો ટૂંકમાં પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો અને આ જાતની શિબિરોનું વારંવાર આયોજન કરવામાં આવે તેવી વ્યવસ્થા ચરોતર પ્રદેશ આર્યસમાજના વ્યવસ્થાપકો દ્વારા કરવામાં આવે તેવી વિનંતી પણ કરી હતી.

યોગ-શિબિરના સંચાલક યોગાચાર્યનું સંસથાના મંત્રીશ્રીએ પુષ્પ ગુચ્છથી સન્માન કર્યું હતું અને ફરી ફરીને આવી શિબિરો યોજવાની ખાત્રી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષથી ચાલતી આ જનોપયોગી પ્રવૃત્તિમાં આણંદ આર્યસમાજ ખાતે યોગાચાર્ય શ્રી સુરેશચંદ્ર ભટ્ટની આ ૬૦મી શિબિર હતી. તેઓએ કુલ ૧૬૫ જેટલી શિબિરો આજદીન સુધી કરી છે, જેનાથી લાખો સાધકોને લાભ થયો છે.

### જન્મ દિવસ તેમજ મુંડન સંસ્કાર સંપન્ન

ચરોતર પ્રદેશ આણંદ ખાતે સંસ્થાના માનદ્મંત્રી શ્રી આર્કિટેક અશોકભાઈ પટેલના સુપુત્ર શ્રી રાજેનભાઈ ( હાલ અમેરિકા) અને શ્રીમતી અનુજાના સુપુત્ર આયુષ્યમાન્ શૌર્યના પ્રથમ જન્મદિને મુંડન સંસ્કાર વૈદિક વિધિ મુજબ તાજેતરમાં પં. વિજયકુમાર આર્ય તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીના સંયુક્ત બ્રહ્મત્વમાં સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પધારેલા મહેમાનોએ ગીફ્ટ કે રોકડ રકમ ન આપતાં ફક્ત ફુલોથી વૈદિક મંત્રોચ્ચાર કરને ચિ. શૌર્યને શુભ આશિર્વાદ પાઠવ્યા હતા.

આ શુભ પ્રસંગે શ્રી અશોકભાઈ પટેલ, પૌત્ર ચિ. શૌર્ય, દાદા શ્રી ધર્મવીરભાઈ જે. પટેલ તથા સુપુત્રી શ્રીમતી ક્રિષ્નાબેન એન. પટેલનાં જન્મદિવસ નજીકમાં જ આવતા હોઈ સૌના જન્મ દિવસ-યજ્ઞની વિશિષ્ટ આહુતિ હાજર સૌએ અર્પીને શુભકામના તથા આશિર્વાદ પાઠવ્યા હતા.

પં. વિજયકુમાર આર્યએ મુંડન સંસ્કારનું શાસ્ત્રીય અને વૈજ્ઞાનનિક મહત્વ સમજાવ્યું હતું તથા સોળ સંસ્કારો થકી માનવજીવનનું ઉત્તમ પરિવર્તન તથા સંવર્ધન થાય છે તે અંગેની સૌને સમજ આપી હતી. આ પ્રસંગે પ્રિતી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી અને વેદોક્ત રીતે સંપન્ન કરવામાં આવ્યો હતો.

વેદ પ્રચારના કાર્યક્રમો

(૧) ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદના માનદ્ મંત્રીશ્રીના સંપર્કમાં આવેલા અને ટ્રેક્ટરના ડીલર શ્રીમાન અજયભાઈ રામેશ્વરદાસ અગ્રવાલ હાલમાં આણંદ ખાતે રહે છે તથા તેઓના પિતાશ્રી વગેરે પરિવારજનો વડોદરા ખાતે રહે છે. માનદ્ મંતરીશ્રીની આર્યસમાજ અને હવન પ્રત્યેની નિષ્ઠા જોઈ-જાણી સમજીને તેઓશ્રી ખૂબ અભિભૂત થયા અને છેલ્લા ૧ વર્ષથી વધુ સમયથી દર પૂણિમાએ વૈદિક પાક્ષિક યજ્ઞ અવિરત આણંદથી સંસ્થાના પં. કનુપ્રસાદ શાસ્ત્રીને સાથે લઈ જઈને વડોદરા ખાતે બધાં પરિવારના સભ્યો ભેગા થઈને શ્રદ્ધાપૂર્વક કરી રહ્યા છે. તેઓને આ ઉમદા કાર્ય બદલ આર્યસમાજ પરિવાર સાધુવાદ અને શુભકામના પાઠવે છે.

(૨) ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ ખાતે નિયમિત મૂલાકાત લેવા અને આર્યશ્રેષ્ઠી શ્રી નટુભાઈ ડી. પટેલના નિવાસ સ્થાને પૂજ્ય બ્ર. દિનેશકુમારજી (દર્શનયોગ મહાવિદ્યાલય, રોજડ)ની પ્રેરણાથી છેલ્લા એક વર્ષથી અબાધ પણે દર પૂર્ણિમા અને અમાવસ્યાના દિવસે અન્ય આર્યજનોને બોલાવીને પાક્ષિક વૈદિક યજ્ઞ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી રહ્યો છે. તેઓશ્રીને આ ઉમદા કાર્ય બદલ આર્યસમાજ પરિવાર ધન્યવાદ પાઠવે છે. પ્રભુ તેઓનું જીવન યજ્ઞમય બનાવે તેવી શુભકામના.

(૩) ચરોતર પ્રદેશ આર્યસમાજના માનદ્ મંત્રીશ્રીની પ્રેરણાથી છેલ્લા ઘણાં વર્ષોથી સ્વ. ચીમનભાઈ અમીન-વડોદરાના સ્મરણાર્થે '-આદિત્ય બંગલો', હરીનગર સોસાયટી સામે, ગોત્રી રોડ, વડોદરા મૂકામે દર વર્ષે તા. ૨૯મી ડિસેમ્બરના રોજ તેમના ધર્મપત્ની ગં.સ્વ. સુશીલાબેન અમીન તથા સુપુત્રો શ્રી તુષારભાઈ ચીમનભાઈ અમીન તથા પારૂલભાઈ ચીમનભાઈ અમીન તેમજ સર્વ પરિવાર હાજર રહીને શાંતિ યજ્ઞનું આયોજન કરી રહ્યા છે. તથા આર્યધર્મનું પાલન કરી રહ્યા છે. દર વર્ષે શાંતિ યજ્ઞ માટે ચરોતર પ્રદેશ આર્યસમાજ તરફથી પુરોહિતશ્રીને મોકલવામાં આવે છે.



ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com

ઈન્દ્રિયાણાં નિરોધેન રાગદ્વેષક્ષયેણ ચ ।
અહિંસયા ચ ભૂતાનામમૃતત્વાય કલ્પતે ॥

मनुस्मृति ६०(३८)

ઈન્દ્રિયોને અધર્માચરણથી રોકી, રાગદ્રેષ છોડી, સર્વ પ્રાણીઓ સાથે વેર રહિત વર્તે અને મોક્ષ માટે સામર્થ્ય વધાર્યા કરે.

## તંત્રી સ્થાનેથી....

# ભાજપને સત્તાથી દૂર રાખવા કોંગ્રેસ મરણિયો પ્રયાસ કરશે

૨૦૧૪માં જ લોકસભાની ચૂંટણી હોવાથી બધા જ રાજકીય પક્ષોમાં ચૂંટણી લક્ષી કાર્યોનો ધમધમાટ વેગ પકડતો જાય છે. ભારતીય જનતા પાર્ટીએ તો બે મહિના અગાઉથી જ ધૂંઆધાર ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. ટી.વી ઉપર દરરોજ સમાચારોમાં નરેન્દ્ર મોદી છવાયેલા રહેતા હતા.

જ્યારથી દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીએ સારો દેખાવ કર્યો છે ત્યારથી મિડીયામાં નરેન્દ્ર મોદીને બદલે અરવિંદ કેજરીવાલ છવાઈ ગયા છે. તેમાંય વળી જ્યારથી અરવિંદ કેજરીવાલ સત્તાના સુત્રો સંભાળ્યા છે ત્યારથી દરરોજ લગભગ આખો દિવસ આમ આદમી પાર્ટીની દિલ્હીની સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરી જ મુખ્ય ચર્ચાનો વિષય બની રહી છે. આમ, દિલ્હીના પરિણામો બાદ નરેન્દ્ર મોદીને બદલે અરવિંદ કેજરીવાલનું કવરેજ વધી ગયું છે.

ફેસબુક હોય, ટ્વીટર હોય, કે પછી ગુગલ સર્ચ હોય બધામાં ખૂબ ટૂંકા ગાળામાં સૌથી વધુ લોકપ્રિયતા મેળવનાર જો કોઈ વ્યક્તિ હોય તો તે અરવિંદ કેજરીવાલ છે. હવે અરવિંદ કેજરીવાલની આપ પાર્ટી લોકસભામાં પણ પોતાના ઉમેદવારો ઉભા રાખવાની છે ત્યારે રાષ્ટ્રીય રાજકારણમાં મોટો ભૂકંપ આવી રહ્યો છે. ભાજપને સત્તાથી દૂર રાખવા કોંગ્રેસ મરણિયો પ્રયાસ કરશે તેમાં કોઈ શંકા નથી. પ્રજાનો મિજાજ જોતાં રાહુલ ગાંધી વડાપ્રધાન બને તેવી શક્યતાઓ બહુ ઓછી દેખાય છે. બીજી તરફ કેજરીવાલના આવ્યા પહેલાં નરેન્દ્ર મોદી પોતાની જાતને પી.એમ. બની ગયા હોય તેવી રીતે પ્રોજેક્ટ કરતાં હતાં પરંતુ હવે નમો પણ ચિંતામાં નમી પડ્યા છે. કોંગ્રેસ કેજરીવાલને હાથો બનાવી ભાજપને સત્તા પર આવતી રોકવા એડી ચોટીનું જોર લગાવશે એમાં કોઈ શંકા નથી.

## ઉપદેશ કથા

### રાષ્ટ્રનું સન્માન

જાપાનમાં ભારતના વિખ્યાત સ્વામી રામતીર્થ રેલ-યાત્રા કરી રહયાં હતાં. તે રેલ્વે સ્ટેશન પર ઉતર્યા અને પ્લેટફોર્મ પર ચક્કર લગાવવા લાગ્યા, પરંતુ તેમને જોઈતી ચીજ ન મળી. ખૂબ હેરાન થઈ પોતાના ડબ્બામાં પાછા આવી ગયા. મનનો અસંતોષ સ્પષ્ટ જણાઈ આવતો હતો તેથી કંઈક બડબડવા લાગ્યા. સાથે બેઠેલા એક જાપાની યાત્રીએ ભારતીય સાધુ યાત્રીની મૂંઝવણ પારખી લીધી તેથી તેમણે પૂછયું- 'મહોદય, શું વાત છે, જેથી આપ આટલા બધા ચિંતિત જણાવ છો ?'

ભારતીય સાધુએ કહયું- 'આ કેવો દેશ છે જયાં ખાવા માટે ફળ ખરીદવા હોય તો મળતા નથી?' જાપાની મુસાફરે કાંડા ઘડિયાળમાં સમય જોયો. ગાડી ઉપડવાનો થોડોક સમય બાકી હતો તેથી બહાર નીકળી કહયું - 'મહાશય, હું હમણા આવું છું.'

થોડીક મિનિટમાં તે જાપાની મુસાફર ફળોથી ભરેલ એક ટોપલી લઈ આવ્યો અને ભારતીય સાધુને સોંપી દીધી. ભારતીય સન્યાસી પ્રસન્ન થઈ ગયા. તે પોતાના ખીસ્સામાંથી પૈસા કાઢી બોલ્યા -'આ ફળોની કિમત શું થઈ ?'

'કંઈ જ નહિ, ફકત ભવિષ્યમાં એવું ન કહેતા કે અમારા દેશ જાપાનમાં ફળ નથી મળતાં.'

ભારતીય સાધુ નિરુત્તર થઈ ગયા. તે જાપાની યાત્રીની દેશભક્તિએ તેમનું મોં સીવી દીધું.

## વીતેલાની પ્રાપ્તિ

(શિખરિણી)

ઘણું ખાધુંપીધું વસન પરિધાન્યાં નિત નવાં,
ધૂમ્યા કારે બેસી સ્થલ નીરખવાને અવનવાં.
રૂપાળા આવાસે નિત નવીન મોજો ખૂબ કરી.
ધરાઈને માણ્યા નવીનતમ ભોગો મનભરી.
ઊડ્યા આયુઆભે ક્ષણવિહગની પાંખ પકડી.
વિતાવ્યા વાસન્તી તરૂણવયના દિન અકડી.
અડ્યું આવી અંગે અણગમતું વાર્ધક્ય વસમું
અને ધીમું ઊંડે દુઃખમય થયું સ્પંદન સમું.
રહી રૂચિ ભોગે, કરણ સઘળાં શિથિલ થયાં,
મનોવેગો જાણે મરમ ચૂભતા કંટક ભર્યાં.
બધું એનું એ છે પણ કશુંક પાંખો કરી ગયું.
અભાવોમાં એના દિલ ખચીત ખાલીખમ થયું.
વીતેલાની પ્રાપ્તિ પુનરપિ કદી ના થઈ શકે,
ધનુષ્યેથી છૂટયું શર કદી ન પાછું વળી શકે.

- રમણ નાવલીકર

# ઈશ્વર પ્રવર્તિત ધર્મને ગ્રહણ કરી માનવ પ્રવર્તિત સંપ્રદાયોનો ત્યાગ કરવો જોઈએ

सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम्
देवा भागं यथापूर्वे संजानाना उपासते ॥ १॥

समानो मन्त्रः समितिः समानि समानं मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रमभिमन्त्रये वः समानेन वो हविषा जुहोमि ॥ २॥

समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥ ३॥

ऋग्वेद । मंडळ-१०, सूक्त-१९४ मं.-२,३,४

ભૌતિક સમ્પત્તિઓની બાબતમાં આજે આખું વિશ્વ એકમત છે અને પ્રાપ્ત કરવાની બાબતમાં સમાન ગતિ પણ દેખાય છે. ભૌતિક ભોગ્ય વસ્તુઓની બાબતમાં એકમત તો પશુઓમાં પણ દૃષ્ટવ્ય છે, તેથી કંઈ સમાજ બની જતો નથી.

સમાજનાં મુખ્ય અને ગૌણ બે ઉદ્દેશ્યો છે. મુખ્ય ઉદ્દેશ્યો તો આધ્યાત્મિક વિભૂતિઓ વિશેનાં છે, જ્યારે ભૌતિક વિભૂતિઓ તો ગૌણ કક્ષામાં સમાવિષ્ટ છે. ભૌતિક ઐશ્વર્ય માત્રની વાસ્તવિકતાને વિચારતો, બોલતો અને તેમની તરફ ચાલતો સમાજ પાંગળી એકાંગીય વ્યક્તિઓનો સમાજ છે, અર્થાત્ જીવનનાં મુખ્ય લક્ષ્ય તરફથી ભ્રષ્ટ થયેલો વામગતિ કરતો અન્ધ સમાજ છે. ભૌતિકવાદી વક્રશૈલીવાળી જીવન-પદ્ધતિ મનુષ્યમાંથી દિવ્ય-ભવ્ય ગુણોનું અપહરણ કરી લે છે અર્થાત્ મનુષ્યમાંથી સ્નેહ, કરૂણા, સેવા, પરોપકાર, સહિષ્ણુતા, સમરસતા, સહઅસ્તિત્વ વગેરેનાં આધ્યાત્મિક ભાવોનું સ્ત્રોત વહન સ્તબ્ધ બની જાય છે, પરિણામે માનવીય જીવન ભાવ-વિહીન બની જડત્વને પ્રાપ્ત કરી શુષ્ક પશુ જીવન સ્વભાવને પ્રાપ્ત થઈ જાય છે. ભૌતિકવાદી જગતનાં કોઈ પણ સમ્બન્ધની ગરિમા કે મહત્વને સમજવામાં અસમર્થ રહે છે. યૂરોપની મૂડીવાદી કે સામ્યવાદી દેશોની સામ્યવાદી વિચારધારા સાથે ચાલતો સમાજ પૂર્ણત્વને પ્રાપ્ત કરી શકે નહિ. વ્યક્તિત્વવાદ કે સમૂહવાદ સમાજની પરિકલ્પનામાં નથી. સમાજની યથાર્થ સંકલ્પના તો મનુષ્યની સમ્યક્ પ્રગતિ સાથે સુસંબદ્ધ છે, જેમાં આંધળી દોટ નથી. વેદ-પ્રવર્તિત વિચારધારાથી પ્રકાશિત અને નિર્દેશિત 'સમાજ' સાધનરૂપ બ્રહ્માંડને આધારે સાધ્યરૂપ બ્રહ્મ તરફ વિધિપૂર્વક ગતિ કરતો 'આર્યસમાજ' રૂપે પ્રકટ થાય છે. 'આર્યસમાજ' પ્રભુ-પ્રદર્શિત જ્ઞાન-પથનાં અનુયાયી પ્રભુ-ભક્તો અને રાષ્ટ્ર-ભક્તો વડે ગઠિત મનુષ્યોનો સમૂહ બને છે, તે ઈશ્વરદ્રોહી નાસ્તિકો અને રાષ્ટ્રદ્રોહી પિશાચોનો પાશવિક સમૂહ નથી. ઈશ્વર, ધર્મ, રાષ્ટ્ર, સંસ્કૃતિ, સંસ્કાર, ભાષા, પરમ્પરા વગેરેની વિશુદ્ધ વિચારાધારાઓથી સુધૃત માનવીઓનો સમૂહ સત્યગામી, અમૃતગામી, ન્યાયગામી અને મોક્ષગામી છે. એનાથી ઊંધી માનસિક-સ્થિતિના માનવી મૃત્યુ અને દુઃખ ગામી છે.

વેદમંત્રોમાં પરમકૃપાળુ પરમાત્માએ સૌ મનુષ્યોને સમાન મત અને ગતિ કરવાનું સંબોધન કર્યું છે. પરમાત્માનાં ઉપદેશની કે આજ્ઞાની અવહેલના કરીને આજે આપણે કેવી વિખંડિત અને ક્ષત-વિક્ષત દયનીય અવસ્થાને પ્રાપ્ત થઈ ગયા છીએ ? આદ્ય ઉપદેષ્ટા અને આદ્યપિતા પરમાત્માનાં આશ્રય લેનાર માનવી કે સમાજ મહામાનવ કે મહારાષ્ટ્રનાં સ્વરૂપમાં આદ્ય-કાળથી પ્રકટ થતાં રહે છે. પ્રભુ-સેવનથી પૂર્ણત્વને પ્રાપ્ત થનાર આપણા ઋષિઓ આપણા માટે દીવાદાંડીની જેમ છે. એવા આદર્શોને પ્રત્યક્ષ સુરક્ષિત કરી તેમનું જ અનુસરણ કરી દૃષ્યન્ત સ્વરૂપ બનવા સતત્ સાધના

## વેદવાણી



(૨) - અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર)

કરવી જોઈએ. ઈશ્વરીય આદેશોને પોતાના મષ્તિષ્કમાં ધારણ કરનાર આપણા પૂર્વજોનાં ચરિત્ર ઐતિહાસિક-ગ્રંથોમાં સુરક્ષિત છે. વૈદિક અને ઋષિ પરમ્પરા વિરુદ્ધ મત ધારણ કરનારાઓને પોતાની દિવ્ય અને સત્ય વિચારાધારા અને વાણીથી પરિશુદ્ધ કરી સર્વગ્રાહ્ય, સર્વકલ્યાણકારી, સાર્વભૌમિક, અખંડનીય ઈશ્વરીય અનુમોદનને પ્રાપ્ત પંથના પથિક બનાવવા કૃતિશીલ બનીએ.

મનુષ્યને ગતિ કરવા, બોલવા કે વિચાર કરવા ઈશ્વરે અદ્વિતીય અનુપમ સાધન 'મન' આપ્યું છે. એ 'મન' સર્વ મનુષ્યને સર્વદેશમાં સામાન્ય રીતે સુલભ છે. 'મન' એક આવો માનવીય પાત્ર છે. જેમાં બદા જ મનુષ્યે સમાન રીતે ઉત્તમ-ઉત્તમ વિદ્યા-શિક્ષાને સંગ્રહિત કરી આગામી અપૂર્વ જીવનની આધારશીલા પ્રસ્થાપિત કરી શકે છે. સમાનરીતે પ્રાપ્ત મન વડે જો સમસ્ત ભૂમંડળ ઉપર એક જ વિચારધારા એટલે વૈદિક સિદ્ધાંતો પ્રચલિત અને પ્રતિષ્ઠિત કરવામાં આવે તો જીવનને લાગૂ પડતી બધી જ સમિતિઓ જેમ કે આર્થિક, શૈક્ષણિક, કૌટુમ્બિક, રાજકીય વગેરે એકલક્ષીય બની જાય.

સમાજમાં કામ કરતી બહુ-આયામી અને બહુ-નાની સમિતિઓનું લક્ષ્યાંક મનુષ્યની ભૌતિક અને આધ્યાત્મિક પ્રયોજનો સિદ્ધ કરનારી હોવી જોઈએ. એક લક્ષીય સમિતિઓની વિવિધતાથી મતો કે વિચારોમાં વિવિધતા સંભવે જ નહિ. પરસ્પર

### 'આર્યસમાજ' પ્રભુ-પ્રદર્શિત જ્ઞાન-પથનાં અનુયાયી પ્રભુ-ભક્તો અને રાષ્ટ્ર-ભક્તો વડે ગઠિત મનુષ્યોનો સમુહ છે.

વિરોધી મતો કે વિચારો ધારણ કરનારી સમિતિઓ સમાજમાં ભંગાણ કે ખંડન નોતરે છે.

અત્યારે આધ્યાત્મિક બાબતે અસ્તિત્વ ધરાવતી અનેક પરસ્પર વિરોધી સમિતિઓ=સમ્પ્રદાયો અનેક મત-મતાન્તરોની જન્મદાત્રી બની મનુષ્યને પરસ્પર એક બીજાનાં શત્રુ બનાવી દીધાં છે. સમિતિઓનું ઉદ્દેશ્ય તો માનવ-માનવમાં સુસંવાદિતા પ્રસ્થાપિત કરવાનું હોય છે, જ્યારે આવા કહેવાતા પંથો સમાજને ભ્રમિત કરી પરસ્પર ટકરાતી વિચારશ્રેણીવાળા બનાવી 'લક્ષ-ચ્યુત' કરી અક્ષમ્ય અપરાધ કરી રહ્યાં છે.

વેદોપદેશને અવગણી પોતાના જ મનસ્વી અને કાલ્પનિક મંતવ્યોને પ્રજા-જીવનમાં ફેલાવનાર મત-પંથો સમાજ, રાષ્ટ્ર, વિશ્વ અને ધર્મ-દ્રોહી છે. મનોભૂમિ અને માતૃભૂમિને ખંડિત કરનારા અપરાધીઓ પ્રત્યે સમાજનાં પ્રબુદ્ધ લોકોએ સમાજરૂપમાં સંગઠિત થવા જોઈએ. કહેવાતા ધર્મને નામે સમાજ-વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને વાણી અને વિચારનાં સમ્યક્ આદાન પ્રદાન દ્વારા સત્ય અને ધર્મ-માર્ગ ઉપર પ્રત્યાવર્તિત કરીએ. આજનો યુગ 'પ્રત્યાવર્તનનો' યુગ છે. ભ્રમિત કે ભટકી ગયેલાં આપણા મનુષ્ય-બાંધવોને સાથે બેસી, વિચારી વૈદિક માર્ગ ઉપર પાછા લાવીએ, આજ સાચા અર્થમાં સમાજ-રાષ્ટ્ર-માનવ સેવા છે. આવી સેવા કરનાર સેવકો જ સાચા અર્થમાં સ્વયંસેવક, રાષ્ટ્રસેવક, પ્રભુ-સેવક છે. પ્રભુ-ભક્તિની અભિવ્યક્તિ પ્રભુ આજ્ઞા-પાલનમાં જ સન્નિહિત છે. વ્યક્તિનું કુટુમ્બ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ કલ્યાણ વેદવાણી=શ્રુતિ પ્રમાણે ચાલવાથી જ શક્ય બનશે. ઈશ્વર પ્રવર્તિત ધર્મને ગ્રહણ કરી માનવ-પ્રવર્તિત સંપ્રદાયોને ત્યાગી સંકુચિત આવૃતિમાંથી વિરાટ-આવૃતિવાળા દેવપુરૂષ બનતા મન વડે શુભ સંકલ્પ ગ્રહણ કરીએ. મન-વાણી-શરીર-ભાવ વચ્ચે સુસંવાદિતા લાવવા માટે જ વેદમંત્રમાં અમૂલ્ય સૂચન છે, પરિણામે આજ સુસંવાહતા માનવ-માનવ વચ્ચે પણ પ્રકટ થશે જ. જુદા-જુદા દેશો, પ્રદેશો, ભાષાઓ, રંગો, સંપ્રદાયોની વિચિત્રતા સમાપ્ત થઈ એકદેશ, એકભાષા, એકધર્મ, એક સંસ્કૃતિ વગેરેનું ભાવ પ્રકટ થશે અને સમસ્ત માનવ સમાજ સુખ, સમૃદ્ધિ, પ્રેમ, સહાનુભૂતિ, શાંતિ વગેરેના ભાવ-મહાસાગરમાં એક બની એક જ પ્રભુનાં પ્રિય થઈ જશે.

# પૂર્ણ શાંતિ આપવાની ક્ષમતા સમસ્ત જગતના કોઈપણ પદાર્થમાં નથી : શ્રી વિવેકભૂષણજી

"માનસિક શાંતિ કૈસે પ્રાપ્ત કરે" એ વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કરતાં અર્યજગતનાં સુપ્રસિદ્ધ દાર્શનિક સંન્યાસી સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે ચિકિત્સાશાસ્ત્રમાં કોઈપણ રોગના નિવારણ અર્થે એક નિશ્ચિત પ્રક્રિયા બતાવી છે. તેમાં દર્શાવ્યા મુજબ પ્રથમ રોગને જાણો, સમજો, તેનું કારણ શોધો અને પછી તે કારણને દૂર કરો. કારણ દૂર થતાં જ રોગ નષ્ટ થશે. આ જ પ્રક્રિયા માનસિક સ્તરે લાગુ પડે છે. મન અશાંત છે. શા માટે? કારણ શોધો. મનને અશાંત કરનારા પરિબળો પર ચિંતન કરો અને તેને હટાવવા યોગ્ય પદ્ધતિ અપનાવો. કારણ હટતાં જ કાર્ય હટી જશે અને પરિણામ સાનુકૂળ આવશે.

મનઃસ્થિતિ અશાંત બનવાના અનેક કારણો છે. અનેક કારણોમાં મુખ્ય કારણ પોતે જ છે તે જણાઈ આવશે. શું આપણે નૈતિક તેમજ સાર્વજનિક નિયમોનું યથાવત પાલન કરીએ છીએ ખરા? શું આપણે સંયમિત કે અનુશાસિત છીએ ખરા? સ્કુટર આદિ વાહન લઈને બહાર નીકળ્યા હોય, ચાર રસ્તા આવતાં જ લાલબત્તી હોવા છતાં તેને અવગણીને આગળ નીકળી જઈએ છીએ. નિયમનું ઉલ્લંઘન કરવાથી મન અશાંત રહે છે. આ સમયે મનમાં ભય રહે છે કે રખેને કોઈ પોલીસ જોઈ જશે તો! પકડાઈ જઈશું તો દંડ વધુ નહી લે ને! પૈસા પડાવી તો નહીં લે ને! હોસ્પિટલ અને કચેરીમાં "સિગરેટ પીવાની મનાઈ છે, ગમે ત્યાં થૂંકશો નહીં, પાનની પિચકારી મારશો નહિ" આદિ અનેક વિધાનો દર્શિત હોય છે. છતાં પણ જાણીબૂઝીને તેનો ભંગ કરવામાં આવે છે. આ કારણે કુદરત(પરમાત્મા)ના કાનૂન મુજબ મન અશાંત-ભયભીત-નિર્બળ બને છે. જ્ઞાનપૂર્વક કે અજ્ઞાનપૂર્વક નિયમનો ભંગ કદાપિ કરવો ન જોઈએ. અજાણપણે પણ ભંગ થઈ જાય, તો સ્વેચ્છાએ દંડ સ્વીકારી લેવો જોઈએ અને ભવિષ્યમાં આનું પુનરાવર્તન ન થાય તે માટે સંકલ્પ લેવો જોઈએ. કોઈક મનુષ્યને કોઈક વસ્તુની કુટેવ હોય, વ્યસન હોય, તો તે વસ્તુનું જો વૈજ્ઞાનિક પ્રક્રિયાથી પૃથ્થકરણ કરવામાં આવે તો મનુષ્ય તે કુટેવ = વ્યસનથી દૂર થઈ જાય છે. કોઈક કહે કે ભાઈ, હું તો સિગરેટ છોડવા માંગું છું ,પરંતુ તે તો છૂટતી જ નથી. જો સિગરેટના લાભાલાભ ઉંડાણપૂર્વક સમજી હૃદયમાં સ્થિર કરવામાં આવે, પુનઃ પુનઃ તેને વાગોળવામાં આવે, શારીરિક, માનસિક અને આર્થિક લાભ-નુકશાનનું વિશ્લેષણ કરવામાં આવે તો સિગરેટ છોડયા વિના મનુષ્ય રહી જ ન શકે. બસ, મનુષ્યએ સાહસ કરવાની આવશ્યકતા છે, ધીરજ ધરવાની આવશ્યકતા છે, પોતાનામાં આત્મવિશ્વાસ ઉભો કરવાની જરુરત છે. સિગરેટ જડ પદાર્થ છે તેથી મનુષ્યને તે બાંધી શકે નહીં. જયારે જયારે મનુષ્ય અનીતિ, અધર્મ, અજ્ઞાન, અસંયમ,અન્યાય અને અસત્યનો સહારો લે છે ત્યારે ત્યારે મન અશાંત રહે છે.

કયો મનુષ્ય શાંતિ નથી ઈચ્છતો? સુખ કોને જોઈતું નથી? પ્રાણીમાત્ર શાંતિ અને સુખ માટે તલસે છે. શાંતિ પ્રાપ્ત કરવી હોય તો, મનુષ્યએ તેની પાસે જવું જોઈએ જેની પાસે શાંતિ હોય. શું અમરિકામાં શાંતિ છે ? સુખ છે? તેઓ જ ધનસંપત્તિમાં આળોટયા બાદ સુખ અને શાંતિ માટે અહીં આવે છે અર્થાત્ તેઓ પાસે શાંતિ નથી. ત્યાં સૌથી વધુ પાગલોની સંખ્યામાં ધનિકો જ હોય છે. આથી સિદ્ધ થાય છે કે ધનવૈભવ ઐશ્વર્યમાં પણ શાંતિ નથી. તે ઘણીબધી સુવિધા આપી શકે છે, પરંતુ શાંતિ નહીં. અનેક તીર્થસ્થાનોમાં ભટકનારા પણ કેટલા બધા અશાંત છે? ત્યાં પણ શાંતિની પ્રાપ્તિ નહીં થાય. આખરે મળશે કયાં? શું તેની પ્રાપ્તિ અર્થે આ ગ્રહ છોડીને અન્ય ગ્રહ પર જઈશું? ઈશ્વરની ન્યાયાવસ્થા મુજબ અન્ય ગ્રહોમાં પણ આ જ એકસમાન નિમય લાગુ હશે.

ઉત્તર આપણી પાસે મોજૂદ છે. આપણા વેદાદિ શાસ્ત્રો, આપણા ઋષિ-મુનિઓએ એકી અવાજે કહ્યું છે કે સંસારમાં કોઈપણ જગ્યાએ પૂર્ણ શાંતિ નથી. પૂર્ણ શાંતિ આપવાની ક્ષમતા જગતના કોઈપણ પદાર્થમાં નથી. સાચા સુખશાંતિનો મૂળ સ્ત્રોત તો આપણી અંદર જ છે. શાંતિનો મૂળ આધાર આત્માસ્થિત પરમાત્મા જ છે.પરમશાંતિનું ધામ પરમપિતા પરમાત્મા જ છે. પરમાત્મા શાંત છે. તે કદી અજ્ઞાન, અવિદ્યા, અનીતિ, અન્યાય, અસત્ય આદિના આચરણમાં આવતો નથી. પરમાત્માની નિત્ય 'પર્સનલ પ્રોપર્ટી' સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, પ્રસન્નતા, જ્ઞાન, નિર્ભયતા આદિ છે. પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કરનાર આ દિવ્ય સંપત્તિથી તરબતર થઈ જાય છે. આવશ્યકતા છે પરમાત્મામાં પ્રેમ ઉત્પન્ન કરવાની. જો પરમાત્મા માટે રુચિ પેદા કરવામાં આવે તો ઝડપથી મન એકાગ્ર થવા લાગે છે. ધ્યાનકાળમાં પણ આપણે પરમાત્માના બદલે અન્ય વસ્તુ કે વ્યક્તિનું ચિંતન કરવા લાગીએ છીએ. ચિંતન બીજાનું અને પ્રાપ્તિ પરમાત્માની કયા પ્રકારે સંભવી શકે ? જયાં અને જેમાં રુચિ હોય ત્યાં મન પ્રસન્ન રહેવા લાગે છે અને તેના લાભો મળતા જાય છે. પરમાત્મામાં રુચિ કેળવો તો પરમાત્માના શાંતિ આદિ ગુણાની પ્રાપ્તિ થવા લાગશે. પરંતુ આપણી રુચિ તો સંસાર ભોગવવાની બની રહે છે. આપણે તો ટી.વી જોવું છે, ટેસ્ટી ભોજન જોઈએ છે,ખૂબ હરવું-ફરવું છે, અનેક સુવિધાઓ જોઈએ છે. જીવનભર અનેક આયોજન અને સપના સંસારના બનાવતા રહીએ છીએ અને ચાર પ્રકારના દુઃખો ભોગવતા રહીએ છીએ,મન અશાંત બનાવતા રહીએ છીએ. શું આપણે કદી પરમાત્મા પ્રાપ્તિ માટેના સપના સેવ્યા છે ખરા ? ભોગ્ય પદાર્થની પ્રાપ્તિ પહેલા, પ્રાપ્તિ સમયે અને તેના ભોગવ્યા પછી મન કયાં શાંત થઈ જાય છે ? જેમ ઘી પડતાં અગ્નિ વધુ પ્રજવલિત થાય છે તેવી જ સ્થિતિ ભોગ ભોગવ્યા પછી બને છે. સંસારના કોઈપણ પદાર્થમાં પૂર્ણ સુખ અને પૂર્ણ શાંતિ આપવાનું સામર્થ્ય નથી. અલૌકિક શાંતિનો મહાસાગર કેવળ પરમાત્મા છે. તેના આશ્રય વિના મનનું શાંત થવું અસંભવ છે. પરમાત્માની સંપત્તિ અનંત અને નિત્ય છે. આપવાથી ખૂટવાની નથી. પોતાની પાત્રતા બનાવતા, પરમાત્મા સાથે સંબંધ જોડતા જ પરમાત્માના ગુણો મળવા શરુ થઈ જાય છે. સંભવ નથી કે અગ્નિ પાસે જઈએ અને ઉષ્મા ન મળે. આની પરમાત્માએ વેદમાં ગેરંટી આપી છે. સાચે જ, ઈશ્વરને પકડીને ચાલનારનું મન શાંત થઈ જાય છે. ઈશ્વરની ખુશીમાં વ્યવહાર કરનાર મનુષ્ય નિશ્ચિંત થઈ જાય છે. પરમાત્માની આજ્ઞામાં રહેનારનું મન=હૃદય શાંત, સ્વચ્છ, અને નિર્મળ બની જાય છે. જે પરમાત્માને પોતાના વિચાર, વાણી અને વર્તનમાં પ્રકાશિત કરતો રહે છે તે અવિદ્યા આદિ કલેશોથી મુકત થઈ જાય છે. પરમાત્મામાં સ્થિર થનાર મનુષ્ય જન્મોજનમના બંધનો તોડી શાંતિના મહાસાગરમાં વિરામ કરે છે.

### અલૌકિક શાંતિનો મહાસાગર કેવળ પરમાત્મા છે. તેના આશ્રય વિના મનનું શાંત થવું અસંભવ છે.

# भग प्रणेतर्भग सत्यराधो भगेमां धियमुदवा ददन्नः।
# भग प्र णो जनय गोभिरश्वैर्भग प्र नृभिर्नृवन्तः स्याम।।

(यजु.अ.३४/मं.३६)

**पदार्थ :-**

हे (**भग**) परमैश्वर्यवन् ! ऐश्वर्य के दाता, संसार वा परमार्थ में आप ही हो, तथा हे (**भगप्रणेतः**) आपके ही स्वाधीन सकल ऐश्वर्य है, अन्य किसी के अधीन नहीं। आप जिसको चाहो उसको ऐश्वर्य देओ, सो आप कृपा से हम लोगों का दारिद्र्य छेदन करके हमको परमैश्वर्यवाले कर, क्योंकि ऐश्वर्य के प्रेरक आप ही हो। अथवा हे (**प्रणेतः**) सबके उत्पादक, सत्याचार में प्रेरक, उत्तमता से प्राप्ति कराने वाले और पुरुषार्थ के प्रति प्रेरक ! हे (**सत्यराधः**) सत्य ऐश्वर्य की सिद्धि करने वाले तथा जो मोक्ष कहाता है उस सत्य ऐश्वर्य का दाता आप से भिन्न कोई भी नहीं ! अथवा हे (**सत्यराधः**) विद्यमान पदार्थों में उत्तम धन वाले व उसके देने वाले अथवा सत्य प्रकृतिरूप धनयुक्त ! हे (**भग**) अत्यन्त सेवा करने योग्य व सत्याचरण करने वालों को सकल ऐश्वर्य देने वाले ईश्वर ! आप कृपा कर (**नः**) हम लोगों के लिये (**इमाम् धियं ददत् उदव**) इस प्रशंसा युक्त सर्वोत्तम बुद्धि को देते हुए हम लोगों की उत्तमता से रक्षा कीजिये अर्थात् जिस उत्तम बुद्धि से हम लोग आपके गुण और आपकी आज्ञा का अनुष्ठान ज्ञान इन को यथावत् प्राप्त हो अथवा हमकों सत्यबुद्धि, सत्यकर्म और सत्यगुणों को (**उदव**) प्राप्त कर, जिससे हम लोग सूक्ष्म से सूक्ष्म पदार्थों को यथावत् जानें। हे (**भग प्र णो जनय**) सर्वैश्वर्योत्पादक ! हमारे लिये पूर्ण ऐश्वर्य को अच्छे प्रकार से उत्पन्न कर, सर्वोत्तम गाय, घोड़े और मनुष्य इनसे सहित अत्युत्तम ऐश्वर्य हम को सदा के लिये दीजिए।

हे (**भग**) सर्वशक्तिमन् ! आपकी कृपा से सब दिन हम लोग (**नृभिः नृवन्तः प्र स्याम**) नायक बहुत वीर श्रेष्ठ मनुष्यों (पुरुष, स्त्री, सन्तान,भृत्यादि) से युक्त अच्छे प्रकार हों । आपसे यह हमारी अधिक प्रार्थना है कि कोई मनुष्य हममें दुष्ट व मूर्ख न रहें, न उत्पन्न हो, जिससे हम लोगों की सर्वत्र सत्कीर्ति हो, निन्दा कभी न हो ।

(स.वि + आर्याभि. + वेदभाष्य)

**भावार्थ (१) :-**

जो मनुष्य ईश्वर की आज्ञा, प्रार्थना, ध्यान और उपसना का आचरण पहले करके पुरुषार्थ करते हैं वे ध र्मात्मा होकर अच्छे सहायवान् हुए सकल ऐश्वर्य को प्राप्त होते हैं । (ऋ.दया.कृत.ऋग्वेद भाष्य मं.७/सू.४१/मं.३)

**भावार्थ (२) :-**

मनुष्यों को चाहिये कि जब जब ईश्वर की प्रार्थना तथा विद्वानों का संग करें तब तब बुद्धि की ही प्रार्थना वा श्रेष्ठ पुरुषों की चाहना किया करें ।

(ऋ.दया.कृत.यजु. भाष्य अ. ३४/मं.३६)

**टिप्पणी :-**

(क) ईश्वर सत्याचार व पुरुषार्थ में प्रेरक हैं अर्थात् जीव को अन्तर्यामी रूप से विद्या-विज्ञान देकर सत्याचार व पुरुषार्थ में रुचि उत्पन्न करने वाले हैं।

(ख) प्रकृति, जो कि संसार को बनाने की सामग्री है, ईश्वर की सम्पत्ति है। यह सम्पूर्ण सृष्टि भी ईश्वर का धन है। सत्व, रजस् व तमस् इनकी साम्यावस्था को प्रकृति कहते हैं।

(ग) ईश्वर अत्यन्त सेवा करने के योग्य हैं अर्थात् ईश्वर की अत्यन्त सेवा (आज्ञापालन) करनी चाहिए क्योंकि जितना हित या सुख जीवों का ईश्वर से होता है उतना अन्य किसी से नहीं।

(घ) ईश्वर सत्याचरण करने वालों को सज्जनों को ही अपना ऐश्वर्य प्रदान करते हैं, दुर्जनों को दुष्टाचारण करने वालों को नहीं।

(ड.) ईश्वर जीवों की अनेक प्रकार से रक्षा करते हैं उनमें एक प्रकार है - 'सर्वोत्तम बुद्धि या सद्-बुद्धि को प्रदान करके'। सद्-बुद्धि मिलने पर मनुष्य अच्छे कर्मों, अच्छे स्वभावों व अच्छे गुणों को धारण करता है जिससे वह दुःखों से बच जाता है।

(च) ईश्वर मनुष्यों से यह चाहते हैं कि वे ऐश्वर्यशाली, पुरुषार्थी, सत्याचारी, विद्वान् बनें व सत्कीर्ति से युक्त हों।

(ક્રમશઃ)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

२०

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

# જ્યાં સુધી વ્યક્તિ સાથે રહે છે ત્યાં સુધી તેના દોષ દેખાય છે, જ્યારે તે દૂર જાય છે ત્યારે તેના ગુણ દેખાવા લાગે છે

**સત્યોપદેશ**

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૪



**વ્યવહાર**

૪૩. મનુષ્યે સર્વ કંઈ શીખવું પડે છે, પરંતુ ઈશ્વરે સ્વતંત્ર બુદ્ધિ પ્રદાન કરી છે તેથી તે નિયમમાં રહેતો નથી. બુદ્ધિનો ઉચિત ઉપયોગ કરે તો પશુ-પક્ષીઓથી પણ ઘણું બધું શીખી શકે છે. અનેક આફતોથી બચી શકે છે. ઈશ્વરે પશુ-પક્ષીઓને એવી બુદ્ધિ પ્રદાન કરી છે કે તે પોતાની સુરક્ષાનો પ્રબંધ જાતે કરી લે છે, પરંતુ તેઓ તે સીમિત નિયમમાં બંધાયને રહે છે.

૪૪. વિભિન્નયછનિઓના પશુ-પક્ષીઓને જુવો ! તેઓ કેટલાં અજ્ઞાન-અંધકારમાં ડૂબેલાં છે, કેવા દંડ ભોગવી રહ્યા છે ? કોઈ સ્વતંત્રતા નથી. તેઓને જોઈને વ્યક્તિના મનમાં ભાવના ઉઠે છે કે હું કદી એવું પાપ-કર્મ નહીં કરું કે જેથી આવી યોનિ મળે. ઈશ્વર સિવાય અન્ય કોઈ દંડ-વ્યવસ્થા નિશ્ચિત કરી શકતું નથી. જે મનુષ્ય આ પ્રકારે ગંભીરતાથી વિચારતો નથી તે પાપ-કર્મથી બચી શકતો નથી.

૪૫. જ્યારે કોઈથી દૂર રહેવાની ભાવના જાગે અને તેની પાસે આવવાથી વ્યગ્રતા અનુભવે તો તે દ્વેષની ભાવના કહેવાય. તેની સાથે સંબંધ ન રાખવો અથવા કમ રાખવો, છતાં પણ તેનું હિત ઈચ્છવું-આ ઉપેક્ષા છે.

૪૬. હજારો ચક્રવર્તી સમ્રાટોનું સુખ હોવા છતાં પૂર્ણ સુખ નથી મળી શકતું, કારણ કે તેઓ પણ શરીરધારી હોવાથી રોગ-વિયોગ, મુત્યુ આદિ દુઃખથી છુટી શકતા નથી. તેથી લૌકિક વિષયોના સંસ્કારોને જાણવા અને તેને તત્વજ્ઞાન, વિવેક-વૈરાગ્ય અને પ્રતિપક્ષ ભાવનાથી નિર્બળ બનાવવા અને તે સર્વને નષ્ટ કરવા તે યોગ માર્ગમાં અતિ આવશ્યક કાર્ય છે.

૪૭. પોતાની શક્તિ, સામર્થ્ય, વીર્ય આદિ વ્યર્થ ચિંતન, વિચાર અને વિષયોભોગોમાં ન લગાડવાં પરંતુ ઈશ્વરમાં લગાડવાં, જેથી ભોગોમાં રુચિ કમ રહેશે અને ઈશ્વરમાં વધશે.

૪૮. ખાસ કરીને મનુષ્ય આયુષ્ય અથવા અનુભવમાં પોતાનાથી નાના મનુષ્યની વાત સાંભળતો નથી. તેનામાં અભિમાન હોય છે કે હું વિશેષ જાણું છું, પરંતુ પ્રતિકૂળ વ્યવહારમાં રાગ-દ્વેષથી યુક્ત રહે છે. આ સર્વ લૌકિક પ્રવૃત્તિઓ છે. અહીં યોગાભ્યાસીએ વિચારવું જોઈએ કે મનુષ્ય ગૌણ હોય છે, વાતનું મહત્વ હોય છે. મનુષ્ય જે વાત કહી રહ્યો છે તે સત્ય અથવા ગ્રહણ કરવા યોગ્ય છે કે નહિં તે જોવું. જો તે આપણને કાર્યનુ સ્મરણ કરાવે તો એ સમયે તેને પોતાનો હિતકારી માનવો કારણ કે જીવાત્મા અલ્પજ્ઞ હોવાથી ભૂલી જવાની સંભાવના રહે છે. જો કાર્યની સમજણ દેતો હોય તો મિત્ર-ભાવે સ્વીકાર કરવો કે મારું કાર્ય સારું થાય તેમ તે જોવા ઈચ્છે છે. સમજણ સ્વીકારવી યા ન સ્વીકારવી તે અલગ વાત છે. આ પ્રકારે વર્તવાથી રાગ-દ્વેષ ઉત્પન્ન નહીં થાય અને પ્રેમ, શ્રદ્ધા, સહયોગની ભાવના વધશે.

૪૯. પ્રત્યેક વ્યક્તિ એકબીજાથી કંઈ ને કંઈ શીખે છે. જેમ કે કોઈ મનુષ્ય કોઈની ઉપસ્થિતિને કારણે ખરાબ કાર્ય ન કરે તો એમ માનવું કે તે શીખી રહ્યો છે કે ખરાબ કાર્ય કરવું ઠીક નથી.

૫૦. બીજાં સાથે એવો વ્યવહાર કરવો કે જેવું આપણે બીજાથી પોતાને માટે ઈચ્છીએ છીએ, ત્યારે આત્મવત્ વ્યવહાર થશે. ત્યારે યોગમાં રૂચિ અને ગતિ ।વશે અન્યથા અહિંસા આદિ યમ-નિયમોના ઉલ્લંઘનથી બચી શકીશું નહીં.

૫૧. ભલે બીજો વારંવાર ભૂલો કરે પરંતુ તેના પ્રત્યે હિંસા, ક્રોધ, પ્રતિકાર કરવાં આદિ અન્ય ખરાબ ભાવના રાખવી નહીં. જેમ આપણે આપણી સ્વતંત્ર્યતા ભંગ કરવા ઈચ્છતા નથી તેમ સામેવાળો સ્વતંત્ર હોવાથી તેની બુદ્ધિ-ચિંતન-યોગ્યતા અલગ છે તેથી તે પર અધિકાર-અનુશાસનવાળી, વ્યંગાત્મક, નીચે ઉતરી પાડનારી ભાષાનો પ્રયોગ કરી તેની સ્વતંત્ર્યતા ભંગ કરવી જોઈએ નહીં. - આ યોગાભ્યાસ છે, યોગમાં ગતિ કરવાનો આ માર્ગ છે.

૫૨. જ્યાં સુધી વ્યક્તિ સાથે રહે છે ત્યાં સુધી તેના દોષ દેખાય છે, જ્યારે તે દૂર જાય છે ત્યારે તેના ગુણ દેખાવા લાગે છે, કારણ કે સાથે રહેવાથી વ્યવહારમાં નાની-નાની ભૂલ થતી રહેવાથી કેવળ દોષ જોવામાં પ્રાધાન્યતા રહે છે. પરંતુ તે વ્યક્તિ દૂર ચાલી જાય છે ત્યારે તેનાથી સિદ્ધ થનારા પ્રયોજનો વર્તમાનમાં પૂરા થતા નથી તેથી તેના ગુણ જણાય આવે છે. તેથી સાથે રહેનારના ગુણોને જોઈને તેનો ઉત્સાહ વધારતા રહેવો જોઈએ, જેનાથી તેના પ્રત્યે પ્રેમની ભાવના રહેશે. ઘણીવાર વ્યક્તિ પોતાની ચતુરાઈથી પોતાના દોષોને છુપાવી લે છે, પરંતુ તે ચતુર વ્યક્તિ જ્યારે દૂર જાય છે ત્યારે તેના દોષ પ્રત્યક્ષ યા પરોક્ષરૂપમાં સામે આવવા લાગે છે. (ક્રમશઃ)

# ગૃહસ્થ પણ સીધો સંન્યાસ લઈ શકે છે, પરંતુ પૂર્ણ વૈરાગ્યની સિદ્ધિ અનિવાર્ય છે




**વાનપ્રસ્થ આશ્રમ :** બ્રહ્મચારી શબ્દની સાથે ગુરુકુળ શબ્દ યાદ આવી જાય છે. જોકે આજે ગુરુકુળોની પરંપરા, યોગ્યતા અને અસ્તિત્વ પહેલાં જેવાં રહ્યાં નથી, તેમ છતાં બ્રહ્મચારી માટે જેમ બ્રહ્મચર્ય આશ્રમ નિભાવવો જીવન માટે જરૂરી છે, તેવી જ રીતે વાનપ્રસ્થોની અરણ્યોમાં રહેવાની પ્રથા પણ યાદ આવી જાય છે. આજે ભલે પ્રાચીન સમયમાં હતાં તેવાં વન કે આશ્રમો ન હોય, પરંતુ એથી વાનપ્રસ્થાશ્રમનું મહત્ત્વ અને તેની ઉપયોગિતા કંઈ ઓસરી જતાં નથી. વાનપ્રસ્થોએ ગૃહસ્થ-ક્ષેત્રમાંથી વિશ્રામ લઈને એક બીજી સામાજિક જવાબદારીનું વહન કરવા માટે આગળ વાનપ્રસ્થના તબક્કામાં પ્રવેશવું જોઈએ, જે આજે પણ જરૂરી છે.

વાનપ્રસ્થ ક્યાં રહે, કેવી રીતે જીવન વ્યતીત કરે, એ બધા વ્યાવહારિક પ્રશ્નોના હલ શોધવા એ પણ ખૂબ જ જરૂરી છે. વળી વાનપ્રસ્થ ક્યારે લેવો એ સમય પણ બધા માટે એકસમાન લાગુ ન પાડી શકાય. સ્વામી દયાનંદે મનુસ્મૃતિ પ્રમાણે એક માપદંડ આપ્યો છે કે, જ્યારે દીકરાને ઘેર સંતાન થઈ જાય, પોતાના વાળ સફેદ થવા માંડે અને શરીરની ત્વચા શિથિલ પડવા માંડે ત્યારે વ્યક્તિએ વનનો રસ્તો લેવો. વાનપ્રસ્થ ઈચ્છે તો પોતાની પત્નીને સાથે લઈ જઈ શકે છે, નહિતર તેને પુત્રો પાસે મૂકતો જાય. યોગસાધના, સ્વાધ્યાય, સત્સંગ વગેરે કાર્યો વાનપ્રસ્થે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને એકાગ્રતાથી કરવાં જોઈએ.

વાનપ્રસ્થ આશ્રમના પ્રચલનથી બીજા પણ અનેક સામાજિક લાભ થઈ શકે તેમ છે. જેમ કે-

- કુટુંબમાં પુત્રો યોગ્ય થઈ જાય પછી પુત્રવધૂઓ ઘરની વ્યવસ્થા સંભાળી લેતી હોય છે. આવી સ્થિતિમાં એક પ્રકારની એવી સ્વાભાવિક જરૂરિયાત ઊભી થતી જાય છે કે હવે ગૃહસ્થ સંબંધી બધો જ ભાર આ પુત્રો અને પુત્રવધૂઓ પર પડવો જોઈએ. જો એમ કરવામાં આવે અને માતાપિતા જ મૃત્યુ સુધી બધું સંભાળીને બેઠાં રહે, તો પુત્રો અને પુત્રવધૂઓમાં સ્વાવલંબનની ભાવના કદી ઉત્પન્ન થઈ શકતી નથી. તેમને પોતાની કાબેલિયત અને યોગ્યતા પ્રદર્શિત કરવાની તક જ મળતી નથી. આથી પુત્ર-પૌત્રાદિ રોજબરોજના વ્યવહારમાં વડીલોની ઉપેક્ષા કરવા માંડે એ પહેલાં જ જાતે જ વિરામ લઈ લેવો એ વધારે ડહાપણભર્યું છે. આનાથી પરસ્પર પ્રેમ અને આકર્ષણ પણ બની રહે છે. ઘણાં કુટુંબોમાં જોવા મળે છે કે દાદા-દાદી સાવ ઘરડાં થઈ ગયાં હશે તોપણ ઘરની તિજોરીઓની ચાવીઓ તો પોતાની પાસે જ રાખતાં હશે. તેમને પોતાના વારસદારો પર હંમેશાં સંદેહ રહ્યા કરે છે કે, એ લોકો કંઈ ઊલટાસૂલટી તો નહિ કરી નાખે ને ? ખરી રીતે તો વૃદ્ધોએ એમ વિચારવું જોઈએ કે, "પૂત કપૂત તો ક્યોં ધન સંચે, પૂત સપૂત તો ક્યોં ધન સંચે."
- જેણે પચીસ-તીસ વર્ષ સુધી ગૃહસ્થતા નિભાવી છે, પોતાના જીવનમાં અનેક ચડતી-પડતી, તડકી-છાંયડી અને સફળતા-નિષ્ફળતા અનુભવી છે, તેણે પોતાના અનુભવોનો લાભ સમાજના બીજા લોકો સુધી પણ પહોંચાડવો જોઈએ. પરંતુ આવું ત્યારે જ શક્ય બને, જ્યારે વ્યક્તિ પોતાના કુટુંબની મર્યાદામાંથી મુક્ત થઈને આખા સમાજનો સભ્ય બને.

**આર્યસમાજની માન્યતાઓ**

લેખક : ગજાનંદ આર્ય ૨૦ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

- આજે દેશની અનેક પરોપકારી સંસ્થાઓ અનુભવી, સમય આપી શકે એવા માણસો વિના મૃત બનતી જાય છે. વાનપ્રસ્થો આવી સંસ્થાઓને જીવંત રાખી શકે છે.
- ધર્મપ્રચાર અને સત્સંગોનું આયોજન કરીને પાખંડો અને અંધવિશ્વાસોની વિરુદ્ધ અવાજ ઉઠાવવાનું કામ વાનપ્રસ્થો કરી શકે છે.

આર્યસમાજ આવા કર્તવ્યપરાયણ મિશનરી ભાવના ધરાવતા વાનપ્રસ્થોના આશ્રમોની ખૂબ જ આવશ્યકતા અનુભવ કરે છે.

**સંન્યાસ આશ્રમ :** સામાન્ય રીતે તો જીવનના ચોથા ભાગમાં મનુષ્ય ક્ષમતાશૂન્ય થઈ જતો હોવાથી સ્વયં જ સંન્યાસી જેવો થઈ જાય છે, પરંતુ શબ્દના ખરા અર્થમાં સંન્યાસી બનવું એ બધાના વશની વાત નથી. સંન્યાસી બનવા માટે બે વિશેષતાઓ હોવી ખૂબ જ અનિવાર્ય છે : એક તો એ કે સંન્યાસી બનવાનો અધિકાર ફક્ત બ્રાહ્મણને જ છે. આનો આશય એવો છે કે ક્ષત્રિયોચિત અને વૈશ્યોચિત ગુણોનો ત્યાગ કરીને અને બ્રાહ્મણોચિત ગુણો પ્રાપ્ત કરીને જ વ્યક્તિ સંન્યાસની દીક્ષા લઈ શકે છે. બીજું એ કે પૂર્ણ વૈરાગ્ય થયા પછી જ સંન્યાસ લેવો જોઈએ. સંન્યાસી પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાથી સદંતર મુક્ત હોવો જોઈએ. જો બ્રહ્મચર્યાશ્રમમાં જ પૂર્ણ વૈરાગ્યની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી હોય તો બ્રહ્મચારી સીધો જ સંન્યાસી બની શકે છે. ગૃહસ્થ પણ સીધો સંન્યાસ લઈ શકે છે, પરંતુ પૂર્ણ વૈરાગ્યની સિદ્ધિ અનિવાર્ય છે.

**પુત્ર-પૌત્રાદિ રોજબરોજના વ્યવહારમાં વડીલોની ઉપેક્ષા કરવા માંડે એ પહેલાં જ જાતે જ વિરામ લઈ લેવો એ વધારે ડહાપણભર્યું છે.**

આર્યસમાજના સંન્યાસીઓ કેવળ પોતાના આત્માના કલ્યાણ માટે જ પ્રવૃત્ત નથી રહેતા, બલ્કે તેઓ સંસારની ભલાઈ કરવાનું લક્ષ્ય ધરાવે છે. સંન્યાસીની ગરિમા સમ્રાટ કરતાં પણ ઊંચી છે. બ્રાહ્મણ આદિ ઉપદેશકો પર સંન્યાસીનું નિયંત્રણ રહે છે. પાખંડ અને અજ્ઞાન વિરુદ્ધ આર્ય સંન્યાસીઓ હંમેશાં સંઘર્ષ કરતા રહ્યા છે. આજના યુગમાં પુરુષાર્થી સંન્યાસીઓની ખૂબ જ જરૂર છે. દુઃખની વાત છે કે નકલી સાધુઓએ સંન્યાસ-ધર્મ અને તેની પવિત્ર વેશભૂષાને ભારે બદનામ કર્યાં છે. ઘરે પધારેલા સંન્યાસીનો સત્કાર કરતી વેળા પણ ક્યારેક ક્યારેક તેમની વાસ્તવિકતા પર સંદેહ થવા માંડે છે.

આમ, આ આશ્રમ-વ્યવસ્થા આજે પણ એટલી જ ઉપયોગી છે અને થઈ શકે છે, જેટલી એ પ્રાચીનકાળમાં રહી છે.

**તહેવાર**

જીવનમાં ઉલ્લાસ અને સમરસતા લાવવામાં તહેવારો ખૂબ જ ઉપયોગી છે. આર્યસમાજ તહેવારો મનાવવામાં સંમિલિત થાય છે, અને તેના મહત્ત્વનો પણ સ્વીકાર કરે છે, પરંતુ તેની કેટલીક મર્યાદાઓ પણ સુનિશ્ચિત છે. જેમ કે-

- એક ઈશ્વરને છોડીને તેના બદલે કોઈ જડની પૂજા ન થવી જોઈએ.
- મનોરંજનના નામ પર કોઈપણ પ્રકારની અશ્લીલતા ન હોવી જોઈએ.
- માનતાના નામ પર કોઈપણ પ્રકારનો અંધવિશ્વાસ ન હોવો જોઈએ.
- ફળપ્રાપ્તિના નામ પર કોઈપણ પ્રકારની અનુચિત ક્રિયાઓ ન હોવી જોઈએ.

આર્યસમાજ દ્વારા પર્વો મનાવવાની પ્રેરણા લેખો અને પ્રવચનો દ્વારા આપવામાં આવે છે, અને લોકોએ આવાં પર્વો શી રીતે મનાવવાં જોઈએ એ વિષે નિર્દેશ પણ કરવામાં આવે છે.

**અગ્નિપથ**

ओ३म् अस्माकं वीरा उत्तरे भवन्तु

- ⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.
- ⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- ⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- ⇨ બાળકો માટે ઉપદેશ કથા.
- ⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- ⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- ⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફસ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.
ફોન- (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ(સાપ્તાહિક)

# બ્રહ્મજ્ઞાન કોઈપણ સાધક અધિકારી બની પ્રાપ્ત કરી શકે છે

**મહાકવિ રવીન્દ્રનાથ અને ઉપનિષદ્**

મહાકવિ રવીન્દ્રનાથ કહે છે - ઉપનિષદમાં કહ્યું છે, **"स तपोऽतप्यत स तपस्तप्त्वा सर्वमसृजत् यदिदं किंच ।"** (તૈતિરીય ૨, બ્રહ્મવલ્લી, ૬ અનુ.) તેણે તપ કર્યું અને તે તપથી સૃષ્ટિ કરી. ઈશ્વરનું તપ જ દુઃખ રુપથી પૃથ્વી પર વિરાજે છે. ભલે આંતરિક જગતમાં હોય કે બાહ્ય જગતમાં. કોઈ ચીજનું સૃજન આપણે તપથી જ કરી શકીએ છીએ. જન્મનો આધાર વેદના છે. ત્યાગના માર્ગથી જ લાભ સુધી પહોંચી શકાય છે. જે કંઈ અમર છે, તેને પ્રયત્નોની સીડી પર ચઢીને જ પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રમાણે આપણે ઈશ્વરની તપસ્યાનું વહન કરીએ છીએ. તે જ તપનો દાહ નિતનવા રુપમાં માનવીય અંતઃકરણમાં પ્રકાશિત થાય છે. આ તપસ્યા આનંદનો જ ભાગ છે. આથી એક પક્ષથી ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે - '**आनन्दाद्धयेव खल्विमानि भूतानि जायन्ते ।**' આનંદથી જ પ્રાણીમાત્રની ઉત્પત્તિ થઈ છે. તો પૃથ્વીનો આટલો ભારી દુઃખનો બોજ કોઈ સહે કેવી રીતે ? **ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् ।** (तैत्तिरीय ૨.૭) ખેડુત ખેતી કરીને પાક ઉતારે છે. જેટલી મોટી તેની તપસ્યા, તેટલો જ તેનો ગંભીર આનંદ હોય છે. ચક્રવર્તી રાજાનું સામ્રાજ્ય-નિર્માણ મહાન દુઃખ છે તો મહાન આનંદ પણ છે. દેશભક્ત પોતાની પ્રાણાહુતિથી રાષ્ટ્રને ઘડે છે, એમાં જ એનો ચરમ-આનંદ છે. આવી જ હોય છે પ્રેમીની પ્રિયતમ માટેની સાધના, આવું જ હોય છે જ્ઞાનીનું જ્ઞાનાર્જન.

ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે *બ્રહ્મજ્ઞાન કોઈપણ સાધક અધિકારી બની પ્રાપ્ત કરી શકે છે. મોક્ષ આત્માના સ્વરુપની અભિવ્યક્તિ જ છે. આ આત્મ-સાક્ષાત્કાર અથવા આત્માનું જ્ઞાન આત્માની પરિશુદ્ધિ દ્વારા જ પ્રાપ્ત થાય છે.* (બ્રહદા.ઉપ.૪/૫/૧૯)

મોક્ષ પણ માનવનો પ્રાપ્ય ધર્મ છે. મોક્ષ તેની જ સાધનાનું ફળ છે. મોક્ષને અથવા આત્મ-તત્વને અનિર્વચનીય, જીવનથી પરની વસ્તુ સમજી સીમિત કરી નાંખ્યું છે. આથી તેનો નિત્ય જીવન સાથેનો સંબંધ તૂટી ગયો. વાસ્તવમાં આત્મતત્વની આવશ્યકતા અને પ્રેરણા આ લોક માટે પણ છે. આ માનવમાં શ્રેષ્ઠતાનું ઉન્નયન કરે છે. આ જ્ઞાનની પ્રાપ્તિ અને આત્મ-તત્વનો વિકાસ મનુષ્યના પ્રમાદરહિત થયે જ થાય છે. (મુંડક ઉપનિષદ ૨/૨/૪)

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે - અશુભને શુભમાં બદલી નાંખવું જ માનવની શ્રેષ્ઠતા છે. આનાથી બ્રહ્મની ઉપલબ્ધિનો માર્ગ પ્રશસ્ત થાય છે તથા 'સ્વ' અને 'પર' નું કલ્યાણ થાય છે. કર્મયોગી બની સંસારની ઉપેક્ષા કરી શકાતી નથી, કારણ કે સંસાર ઉપનિષદો અનુસાર બ્રહ્મરુપી છે.

સંતુલિત સામંજસ્ય અપેક્ષિત

સ્વભાવતઃ જીજ્ઞાસા થાય કે શું ઉપનિષદ બ્રહ્મ, આત્મતત્વનો સાક્ષાત્કાર અને આ સાંસારિક જીવનથી દૂર મુક્તિ પ્રાપ્ત કરવાનો પરામર્શ આપે છે ? ભારતીય વૈદિક સંસ્કૃતિ અને ઉપનિષદો આ સંસારનો ત્યાગ કરી મુક્તિનો માર્ગ નથી દેખાડતી, પરંતુ માનવ-જીવનમાં સમુચિત સામંજસ્ય કરવાનો સત્પરામર્શ કરે છે. ભારતીય સંસ્કૃતિના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર આધાર-સ્તંભ કહેવામાં આવ્યાં છે. તેને 'चतुर्विद्याः पुरुषार्थाः' પણ કહેવામાં આવેલ છે. *આપણી સંસ્કૃતિની શીખ છે ધર્મપૂર્વક અર્થનું સંપાદન કરો. ધર્મપૂર્વક કામનું સંપાદન કરો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ જ જીવનનું લક્ષ્ય અને આધાર છે.* ધર્મની મર્યાદા માટે અર્થ અને કામનો મર્યાદિત પ્રયોગ કરો. અભ્યુદય માટે વ્યક્તિ ઉચિત સાધનોથી અધિકતમ કમાય, તે વ્યક્તિ પરિવાર, સમાજ, માનવતાના કલ્યાણ અને અભ્યુદય માટે સર્વ પ્રકારની ઉંચામાં ઉંચી કામનાઓ કરે, પરંતુ તે અર્થ અને કામનાઓને ધર્મની મર્યાદા અનુસાર પ્રયોગ કરે. જીવનમાં સંતુલન અને સામંજસ્ય શા માટે અભીષ્ટ છે, તેના સંદર્ભમાં એક ઐતિહાસિક ઘટના શીખ આપે છે.

દૂધપીતો પુત્ર રાહુલ, પત્ની અને કપિલવસ્તુ રાજ્યનો મોહ છોડી યુવરાજ સિદ્ધાર્થ તપસ્યા માટે ચાલી નીકળ્યા. તેમણે યોગ-સાધના શીખી, સમાધિ લગાવી, કેવળ તલ-ચોખા ખાઈ કઠિન તપ શરું કર્યું, અન્નની માત્રા થોડી કરી નાંખી, જેનું પરિણામ એ આવ્યું કે શરીર સુકાઈને કાંટો થઈ ગયું. કઠિન તપ કરતા કરતા છ માસ વીતી ગયા, પરંતુ સિદ્ધાર્થની તપસ્યા ફળીભૂત ન થઈ. એક દિવસ કોઈ એક નગરથી સમવેત સ્વરોમાં ગાતી કેટલી સ્ત્રીઓ ત્યાંથી પસાર થઈ. તેઓના સમવેત મધુર સ્વરોનો બોલ હતો -

**वीणा के तार ढीले न छोडो, स्वर सुरीला न निकलेगा ।**

**वीणा के तार इतने कसो भी नही कि वे चरमरा-जाए-टूट जाए ॥**

વાત સિદ્ધાર્થને સ્પર્શી ગઈ. તે ગીતના બોલે શીખ આપી કે જીવન માટે નિયમિત સંતુલિત આહાર-વિહાર જોઈએ, જીવન ત્યારે જ સચવાશે જ્યારે તેમાં અતિ ન હોય. આ માટે કોઈ મધ્યમમાર્ગ અપનાવવામાં આવે. આ પ્રમાણે ઉપનિષદોમાં શીખ આપવામાં આવી છે- આ ગતિશીલ સંસાર જગન્નિયન્તાથી ઓતપ્રોત છે, આ શાશ્વત સત્યને હ્દયંગમ કરી આપણે અભ્યુદય, નિઃશ્રેયસ અને સદ્ગતિના માર્ગ પર ચાલીએ.(**ईशावास्यमिदं सर्वं यत्किच्च जगत्यां जगत्**) (ईश उप.१/१) *આ સર્વ કંઈ જગન્નિયન્તાનું આપેલું છે, પોતાના પરિશ્રમ કે વિરાસતમાં મળેલ સંપદા કે સંપતિ આપણી નથી, આપણે માત્ર તેના ન્યાસી કે ટ્રસ્ટી છીએ. આથી જગન્નિયન્તાએ આપેલ સંપદાનો આપણે ત્યાગપૂર્વક ઉપભોગ કરીએ.*(**तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्य स्विद्धनम् ।** ईश. उप.१/१) આની સાથે જ સાધક સાથે સત્પરામર્શ કરવામાં આવ્યો છે - આ સંસારમાં કર્મો કરતા રહી સો વર્ષ જીવવાની ઈચ્છા કરો. **कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतंसमाः ।** ईश उप.२. ઉપનિષદોની શિક્ષા દ્વારા એ સત્પરામર્શ પણ આપવામાં આવ્યો છે કે કેવળ સાંસારિક ભૌતિક વિદ્યાઓમાં પારંગત બની પ્રેયશાસ્ત્રમાં નિષ્ણાત બનવું કલ્યાણ નથી, પરંતુ સાંસારિક પ્રપંચોથી દૂર મોક્ષોપયોગી વિષયો-શ્રેયશાસ્ત્રમાં પણ ગતિ હોવી જોઈએ. ઈશોપનિષદમાં પ્રેયશાસ્ત્રને અસંભૂતિ-અવિદ્યા શબ્દોથી તથા શ્રેયશાસ્ત્રને અવિનાશશીલ સંભૂતિ-જ્ઞાન સ્વરુપી-વિદ્યા શબ્દોથી કહેવામાં આવેલ છે. માનવના સાચા અભ્યુદયને માટે તેને ભૌતિક અને આધ્યાત્મિક માર્ગોનું અવલંબન કરવું જોઈએ, તેનો સંતુલિત સામંજસ સ્થાપિત કરવો જોઈએ. अविद्यया मृत्युं **तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ।** ईश.उप.१२. તપ વિદ્યાથી અપૂર્ણતાઓ દૂર કરો, વિદ્યાથી મુક્તિ પ્રાપ્ત કરો.

**સર્વત્ર એક જ આત્માના દર્શન કરો**

યાજ્ઞવલ્ક્ય ઋષિની બે પત્નીઓ હતી- મૈત્રેયી અને કાત્યાયની. તેમણે બંને પત્નીઓને કહ્યું - 'હું હવે ગૃહત્યાગ કરી વિરક્ત બનવા ઈચ્છું છું. આથી મારી બધી સંપદા તમે બંનેમાં વહેંચવા માંગુ છે.' કાત્યાયની સીધી સાદી હતી, કંઈ ન બોલી, પરંતુ વિચારશીલા મૈત્રેયી બોલી - 'જો પૃથ્વીની બધી સંપદા મળી જાય તો શું મને સાચું સુખ કે મુક્તિ મળશે ખરી ?' (**यन्तु म इयं भगोः सर्वा पृथिवी वित्तेन पूर्णा स्यात्कथं तेनामृताः स्यामिति ।** बृहदा.

**મૈત્રેયી બોલી - 'જો પૃથ્વીની બધી સંપદા મળી જાય તો શું મને સાચું સુખ કે મુક્તિ મળશે ખરી ?'**

**યાજ્ઞવલ્ક્યનો જવાબ હતો - 'નહીં મૈત્રેયી, ધન-સંપદાથી સાચું સુખ નહીં મળી શકે. ધનથી તું વિલાસી જીવન વ્યતીત કરી શકે છે, પરંતુ મુક્તિ કદી નહિ.'**

૨/૪/૨) યાજ્ઞવલ્ક્યનો જવાબ હતો - 'નહીં મૈત્રેયી, ધન-સંપદાથી સાચું સુખ નહીં મળી શકે. ધનથી તું વિલાસી જીવન વ્યતીત કરી શકે છે, પરંતુ મુક્તિ કદી નહિ.' (**अमृतत्वस्य नाऽऽशास्ति वित्तेन ।** – वृहदा.२/४/२)

મૈત્રેયીએ કહ્યું - 'તો પછી હું આ સંપતિને શું કરીશ, જે ધનથી મને સાચું સુખ મળી ન શકે. મને તો અમરતાનો માર્ગ દેખાડો.' યાજ્ઞવલ્ક્યએ મૈત્રેયીને સાચું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ દેખાડતાં કહ્યું - 'પતિ હોય, પત્ની હોય, પુત્ર હોય, બધા પોતાના માટે જ પ્યાર કરે છે. કોઈપણ પ્રાણી-મનુષ્ય ધન-સંપત્તિ કે પદાર્થને ત્યારે જ પ્યાર કરે છે જયારે તેનો તેની સાથે લગાવ હોય. તેની સાથે આત્માનો સંબંધ છે, આથી જ આ આત્માનો જોવો જોઈએ.' (**आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ।** – बृहदा. २/४/५ ) જે રીતે શંખ વગાડવાથી શંખની અવાજ પકડમાં આવી શકતી નથી, પરંતુ જો શંખને કે શંખ વગાડનારને પકડી લેવામાં આવે તો શંખની અવાજ પકડમાં આવી શકે છે. (**स यथा शंखस्य ध्मायमानस्य न बाह्याग्शब्दान् शक्नुयाद् ग्रहणाय शंखस्य तु ग्रहणेन शंखध्मस्य वा शब्दो गृहीतः ।** –बृहदा.२/४/८ ) આથી જ આત્માને પકડવો જોઈએ. બધી જગ્યાએ એક જ આત્માનું દર્શન કરવું જોઈએ. જયારે બધું એક આત્મા જ થઈ જાય તો તેને જોવા-સાંભળવાનો પ્રશ્ન જ નથી. બધી બાજુ આનંદ જ આનંદ હશે. (**यत्र वा अस्य सर्वमात्मैवाभूत्केन कं जिघ्रेत्केन कं पश्येत् ।** –बृहदा.२/४/१४)

# આજે શ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધાને જ વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે

**જીવનમાં બીજુ કઈ જ હાંસલ ન કરી શકતાં 'अशक्तिमान भवेत् साधु'- ની રૂએ થઈ ગયા ભક્ત - સાધુ ? બસ, મળી ગઈ મોટ્ટી 'સફળતા' ભક્તોને બુદ્ધુ બનાવવાની ! ને ઉપરથી ધનનો ઢગલો ! સગવડો ને માલ-મલિદા ! આવા પાખંડીઓને બીજુ જોઈએ પણ શું?**

એ વાત તો નિર્વિવાદપણે સ્પષ્ટ છે કે મૂર્તિ તો તદ્ન નિર્જીવ છે, જ્યારે આપણે જે ઈશ્વરને માનીએ છીએ, પૂજીએ છીએ તે તો નિરાકાર-ચેતન અને અવિચળ છે, સંગીન છે. તેને કોઈ જ તોડી, ફોડી કે મરોડી શકતું નથી. જ્યારે પાષણની મૂર્તિને તો કોઈપણ તોડફોડ કે ચોરી કે નાશ કરી જ શકે છે અને છતાંય તેના ગુનેગારને કોઈ જ સજા થતી નથી !

મૂર્તિપૂજાની એક આડ વાત છે કે લોકો (ભક્તો) આ મૂર્તિની આડશમાં રહેલા, બાજુમાં ઉભેલા દંભી જડ મૂર્તિની ભક્તિ કે પૂજા કરી રહેલા કેસરીયા વસ્ત્રધારીની (હા, ભગવા વસ્ત્ર ધારીઓ જ સ્તો) કહેવાતા બ્રાહ્મણોની (અરે, આવા લોકો બ્રાહ્મણો ન હોઈ શકે) તેમને તો કિસરીયા-ભામટા જ કહેવા જોઈએ. લોકો આજે આવા ભામટા-પાખંડીઓની જ ભક્તિ-પૂજા કરી રહ્યા છે, તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તેમને જ સાક્ષાત ઈશ્વર માની દંડવત પ્રણામ કરી રહ્યા છે. આવા પૂજારીઓ તેમના જીવનમાં બીજુ કઈ જ હાંસલ ન કરી શકતાં 'अशक्तिमान भवेत् साधु'– ની રૂએ થઈ ગયા ભક્ત - સાધુ ? બસ, મળી ગઈ મોટ્ટી 'સફળતાં' ભક્તોને બુદ્ધુ બનાવવાની ! ને ઉપરથી ધનનો ઢગલો ! સગવડો ને માલ-મલિદા ! આવા પાખડી તક વાદીઓને બીજુ તે મને જોઈએ પણ શું? થોડા ઘણાં ધાર્મિક પુસ્તકો વાંચ્યા, શ્લોકો ભણી લીધા. ટીલાં, ટપકાં, રૂદ્રાક્ષની માળાઓ ધારણ કર્યા. સંસાર છોડયા પછીયે પણ તેમની માયા છૂટેલી હોતી જ નથી. વૈરાગ્યના અંચળો ઓઢીને ફરતા હોય છે ને ભક્તો પર મિથ્યા પ્રભાવ પાડતા હોય છે. ભક્તોને મૂર્ખ જ બનાવતા હોય છે. તેમની જ એસ.સી. ગાડીનાં એસ.સી. રૂમોનાં લાભો મેળવતા રહે છે. ઉપરથી માનપાન-માલમલિદા પણ મળતા રહેતા હોય છે. મોબાઈલનાં ઉપયોગ અને બીજું શું શું નહીં ? કોઈ ચૂસ્ત નીતિ-નિયમો પાળનારા સંતો કવચિત-જવલ્લે જ જોવા મળતા હોય છે.

આજે તો બસ ભક્તો શું શું ભોગ-ભેટ ધરાવે છે? કેટલો ધનભંડાર ઠાલવે છે, તેમાં જ રસ હોય છે. તે કેવી ભક્તિ કરે છે તેમાં નહીં. જે ભક્ત વધુ આપે તેની માઈક્રોફોન ઉપર મોટા આવાજે ખુશામત, ગુણગાન ગવાતાં હોય છે. જેથી તેઓ વધુને વધુ ભેટ આપતા રહે. આતો એરણની ચોરી અને સોયનું દાન જેવી વાત છે..

સ્પષ્ટ દેખાઈ જ રહ્યું છે કે આજે કોઈ જ મંદિરો ગરીબ રહ્યા નથી, પણ તે લાખોપતિ કરોડાપતિ અને ખર્વોપતિ થઈ રહ્યા છે. વૈભવશાળી બની ગયા છે અને બની રહ્યાં છે. તેમના કમ્પાઉન્ડોમાં બારેમાસ કંઈકને કંઈક વિકાસનાં કાર્યો જેમકે, કોતરકામ, શિલ્પકામ, કલરકામ વગેરે ચાલુ જ હોય છે. તેમને ખર્ચની ચિંતા ક્યાં છે ? બસ, ભક્તો બધું જરૂર કરતાં વધુ ઠાલવવા જ રહે છે. મંદિરનાં ભંડારો ક્યારેય ઓછા થતાં જ નથી હોતા. વાર-તહેવારે ઉજવાતા વિલાસી ઉત્સવો, શોભાયાત્રાઓઓ પાછળ ખર્ચાની ભરમાર - કોના બાપની દિવાળી?

આવા મંદિરોના નેજા હેઠળ કેટલાંક અતિથિગૃહો, આશ્રમો, શાળા-કોલેજો-બોર્ડીંગો વિગરે પણ ચાલે છે. જેમાં આકરી ફી - શુલ્ક લેવાતા હોય છે. જે નિમ્ન વર્ગને પરવડતાં જ નથી હોતા. તેનો લાભ તો ધનાઢ્યોના સંતાનો ને જ મળતાં હોય છે - ગરીબોને નહી.

આજનાં મંદિરો જોઈએ તો સ્પષ્ટ જણાશે કે તે કોઈ જ મામૂલી ધુમ્મટોવાળાં મંદિરો - મકાનો જ નથી રહ્યા, પણ કૈદીજાદૃ જેવી સુખ સગવડો વાળા આલીશાન મહેલો જોઈ લો. બાગ-બગીચા, ફુવારા, રંગીન લાઈટો, શિલ્પ અને નકશી કલાકારીથી અદ્ભૂત રીતે કંડારેલી મૂર્તિઓ, કમાનો થાંભલા અને ધુમ્મટો અને બીજુ શું શું નહી? દીવાલો પર મસમોટી મોટી ઉત્તમ કલાકારી, ફ્રેમોવાળી તસ્વીરો અને તે પણ કોની ? ભગવાનની તો હોઈ જ ન શકે, પણ આધુનિક હયાત-બીન હયાત ભક્તોની જ સ્તો. આ તો નર્યો દંભ અને આડંબર છે, હાથીનાં દાંત બતાવવાના અને ચાવવાના જુદા જુદા હોય છે.

આજે કલયુગમાં તો ધર્મની વ્યાખ્યા - વિચારસરણી જ સમૂળગી બદલાઈ ગઈ છે. શ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધાને જ વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે. બધુ જ આભાસી દેખાઈ રહ્યું છે. અંધશ્રદ્ધાનો "ગાડરિયો પ્રવાહ" જ બધે જોવા મળે છે. સામાન્ય માનવી આમાં ભોળવાઈ જાય છે, પણ આજે તો બુદ્ધિ જીવી વર્ગ પણ આના આંટામાં આવી ગયેલો જણાય છે. કેવી કરૂણતા છે ?

આજનાં આવાં મંદિરોમાં ઠલવાતી ભરપુર ધનરાશી - લક્ષ્મી અશિષ્ટ અને અનિષ્ટ પ્રવૃત્તિઓમાંથી આવતી હોઈ તે "શુભલક્ષ્મી" ના રહેતાં "કુલક્ષ્મી" બની જતી હોય છે. જે અનિષ્ટ વિચારો પેદા કરતી હોય છે. જે મંદિરોના માંધાતા અને કુકર્મો કરવા પ્રેરતી હોય છે જે આપણે જોઈ રહ્યા છીએ કે આવાં જ મહાન મંદિરોમાં અનેક અક્ષમ્ય અપરાધો થતા રહ્યા છે. આર્થિક દુર્વ્યય, અક્ષમ્ય સામાજીક અપરાધો, સત્તાની લાલચ, સાઠમારી, કોઈનું પત્તું કાપી નાખવું વગેરે જેવાં ગંદા રાજકારણો રચાતા હોય છે જે આપણે અખબારોમાં વાંચતા હોઈએ જ છીએ. આટ આટલું થવા છતાં સરકાર પણ આમાં હસ્તક્ષેપ કરતી નથી ને તેમના ગુના છાવરતી હોય છે, એ તદ્ન સાફવાત છે. આ બધાં જ ધર્મ સંસ્થાનો ટેક્ષ વગરની હાટડીઓ થઈ ગયા છે એવું નથી લાગતું શું ?

પ્રભુ તો સર્વજ્ઞ છે તેથી તે બધું જ જાણે છે. છતાં આ મુઢ અને મુખ્ય માંધાતા તેમની ધુનકીમાં બસ પાછુ વળીને જોતા જ નથી ને પાખંડો આચર્યે જ જાય છે. હવે આપ જ બુદ્ધિશાળી વર્ગના સજ્જનો છો. સ્વતંત્ર પણે વિચારશો કે શું આ બધુ સાચું અને સારું થઈ રહ્યું છે?

**- વિઠ્ઠલદાસ એન. ઠક્કર, અમદાવાદ**

# માનવ જીવનની સફળતા શામાં રહેલી છે ?

મનુષ્ય જીવનનું ધ્યેય શું છે ? માનવ જીવનની સફળતા શા માં રહેલી છે ? આ પ્રશ્નો પર વિચાર કરીએ તો સમજી શકાય કે દરેક વ્યક્તિએ જીવનમાં ધ્યેય નક્કી કરીને જ કાર્ય કરવું જોઈએ. ધ્યેય વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. પછી તે વૈજ્ઞાનિક, ઐતિહાસિક, રાજનીતિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં હોય. ઉદાહરણ તરીકે આપણે જોઈએ તો ગાંધીજીનો મુખ્ય ધ્યેય પોતાના દેશને આઝાદી અપાવવાનો હતો. તેમણે દેશની આઝાદી માટે લડત આપી, પ્રયાસો કર્યા અને અંતે સફળતા મળી જ. તેવી જ રીતે વૈજ્ઞાનિક ક્ષેત્રમાં જોઈએ તો ઉપરથી નીચે પડતા સફરજનને જોઈને ન્યૂટનના મનમાં વિચાર ઝબક્યો, વસ્તુ ઉપરથી નીચે જ કેમ પડે છે ? અને આમ તેણે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી નાખ્યો. ઐતિહાસિક ક્ષેત્રે જોઈએ તો પોર્ટુગીઝ વાસ્કો-દ-ગામાએ ભારત શોધી જ કાઢ્યું હતું ને ! આ થઈ અલગ-અલગ ક્ષેત્રોની વાત તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ સ્વામી દયાનંદ સરસ્વતીનું નામ આજ ના યુગમાં પ્રથમ પંક્તિમાં ગણી શકાય. ૧૯ મી સદીનો ભારતીય સમાજ જર્જરિત અને રોગગ્રસ્ત બની ગયો હતો. આ અંધકાર યુગીન ભારતના નવ જાગરણના પ્રભાતના સંદેશાવાહક બનીને દયાનંદ સરસ્વતી આવ્યા હતા. ગુરુ વિરજાનંદે કહ્યું હતું, "દયાનંદ ઉઠો, આર્ષજ્ઞાનની દિવ્ય આભાને ફરી પ્રકાશિત કરો એ જ મારી દક્ષિણા છે."

દયાનંદે ગુરુના આદેશનો સ્વીકાર કર્યો હતો અને આમ હિન્દુ સમાજમાં પ્રચલિત કુરીતિઓ અને કર્મકાંડમાં સુધાર કરવો એ જ તેમના જીવનનો મુખ્ય ધ્યેય બની ગયો હતો. હા, આ ધ્યેયની સિદ્ધિ માટે તેમણે ઘણા પ્રયાસો કર્યા. પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આજે આપણે ગર્વથી કહી શકીએ કે તેઓને પોતાના ધ્યેયમાં સફળતા જરૂર મળી હતી તેનું ઉદાહરણ આપણે સૌ આર્યજનો છીએ તેમને કારણે જ આપણે સાચા અર્થમાં આર્ય બની શક્યા છીએ. ઈશ્વરના સાચા સ્વરૂપને સમજી શક્યા છીએ. ઈશ્વરના આદેશનું પાલન કરી શકીએ છીએ. જો તેમણે વેદજ્ઞાન ન આપ્યું હોત તો આપણે હજી આધ્યાત્મિક ક્ષેત્રે અંધકારમાં જ ગોથાં ખાતા હોત.

માનવ જીવનની સફળતા શા માં રહેલી છે ? માનવ જીવનની સફળતા ઈશ્વરને પ્રાપ્ત કરવા અને કરાવવામાં રહેલી છે. જે માનવ જીવન મેળવીને પણ ઈશ્વરને પામતો નથી તેનું જીવન તો નિષ્ફળ છે. મનુષ્ય જીવનનું મુખ્ય ધ્યેય તો ઈશ્વર પ્રાપ્તિ જ છે. પરંતુ ઈશ્વર પ્રાપ્તિ થાય કઈ રીતે ? આ પ્રશ્નનો જવાબ સ્વામી સત્યપતિજીએ પોતાના પ્રવચનમાં ખૂબ જ સરસ રીતે આપ્યો હતો અને સમજાવ્યો હતો. તેમણે કહ્યું હતું યોગ વિના ઈશ્વર પ્રાપ્તિ થતી નથી. યોગની સિદ્ધિ માટે શુદ્ધજ્ઞાન, શુદ્ધકર્મ અને શુદ્ધઉપાસનાની જરૂર પડે છે. જે કોઈ વ્યક્તિ આ ત્રણે પ્રકારને અપનાવે છે તેના જીવનનો મુખ્ય ધ્યેય સદા ઈશ્વર જ બની રહે છે. ઈશ્વર પ્રાપ્તિ માટે ઈશ્વર વિશે જ્ઞાન મેળવવું, પરોપકાર કરવો, નિષ્કામ ભાવનાથી સેવા કરવી વગેરે કાર્યો જરૂરી છે. યોગ દર્શનકારે ઈશ્વર પ્રાપ્તિ માટે અષ્ટાંગ યોગ (આઠક્રિયા) કરવાનું વિધાન કરેલ છે. યોગના આઠ અંગો બતાવવામાં આવ્યા છે. - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

યમ અને નિયમ યોગના આધાર બિંદુઓ છે. યમ પાંચ છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

નિયમ પણ પાંચ છે - શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન.

મન, વાણી તથા શરીરથી યમ નિયમોનું પાલન કરવું જોઈએ. યમોના અનુષ્ઠાનની સાથે નિયમોનું પાલન કરવાથી વ્યક્તિ પોતાના ધ્યેયની દિશામાં આગળ વધે છે.

આસન-આસન એક વ્યાયામ પણ છે. ઈશ્વરના ધ્યાન માટે જે સ્થિતિમાં સુખપૂર્વક બેસી શકાય તે સ્થિતિનું નામ આસન છે. આસન સિદ્ધિ મેળવ્યા વિના ધ્યાન થઈ શકાતું નથી.

પ્રાણાયામ - કોઈ પણ આસનમાં સ્થિરતાપૂર્વક બેઠા પછી મનની ચંચળતાને રોકવા માટે શ્વાસ-પ્રશ્વાસની ગતિને રોકવા માટે જે ક્રિયા કરીએ તે ક્રિયાનું નામ પ્રાણાયામ છે. પ્રાણાયામ કરવાથી મનને એકાગ્ર કરવામાં સહાયતા મળે છે.

પ્રત્યાહાર - મનના રોકાઈ જવાથી ઈન્દ્રિયો શાંત થઈ પોતાનું કાર્ય બંધ કરી દે છે. આ સ્થિતિનું નામ પ્રત્યાહાર છે. પ્રત્યાહારની સિદ્ધિ થવાથી વ્યક્તિ મનને ધારે ત્યારે ધારે તે વિષયમાં લગાવી શકે છે અને વિષયમાંથી હટાવી પણ શકે છે.

ધારણા - ઈશ્વરનું ધ્યાન કરવા માટે આંખ બંધ કરીને મનને મસ્તિક, નાસિકા, કંઠ, હૃદયમાંથી કોઈ એક સ્થાન પર રોકવું તેને ધારણા કહે છે.

ધ્યાન - ચુપચાપ બેસી રહેવું, તેનું નામ ધ્યાન નથી. ધ્યાન તો શોધનું નામ છે. મનને એક સ્થાન પર રોક્યા પછી ઈશ્વરના ગુણ, કર્મ, સ્વભાવનું સતત ચિંતન કરવું વચ્ચે બીજી કોઈ વસ્તુનું સ્મરણ ન કરવું તેનું નામ ધ્યાન છે. જે વસ્તુ જેવી છે તેને તે જ રૂપમાં મનમાં રાખીને તેની જે ખોજ કરવામાં આવે તેનું નામ ધ્યાન છે. યોગમાં ધ્યાનનું સ્થાન મહત્વનું છે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com